ભાલ નળકાંઠા પ્રયોગ
હીરક જયંતી પ્રકાશન

૪

# ન્યાયનું નાટક

'સંતબાલ'

: પ્રકાશક :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

ભાલ નળકાંઠા પ્રયોગ
હીરક જયંતી પ્રકાશન
૪

# ન્યાયનું નાટક

'સંતબાલ'

: પ્રકાશક
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# અનુક્રમણિકા


સંપાદકના બે બોલ ......... અંબુભાઈ શાહ ...................... ૩
પ્રસ્તાવના ................ ત્ર્યંબકલાલ ઉ. મહેતા ................ ૪

**ખંડ પહેલો (લેખો)**

૧. અંતરની એક વાત (વિ.વા. ૧-૬-૧૯૫૦) ........................ ૯
૨. ન્યાયનું નાટક (વિ.વા. ૧૬-૬-૧૯૫૦) ........................ ૧૦
૩. કાળુપટેલ ખૂનકેસનો ફેંસલો (વિ.વા. ૧-૧-૫૧) ................ ૧૩
૪. કાળુ પટેલ ખૂનકેસ (વિ.વા. ૧૬-૧-૫૧) ........................ ૧૬
૫. પ્રશ્નોત્તરી (વિ.વા. ૧૬-૩-૫૦) ................................ ૧૮

**ખંડ બીજો (પત્રો)**

૧. શ્રી મોરારજીભાઈ દેસાઈને પત્ર (૨૮-૨-૫૦) ................ ૧૯
૨. શ્રી રસિકભાઈ પરીખને પત્ર (૧૧-૩-૫૦) ...................... ૨૧
૩. શ્રી રસિકભાઈ પરીખને પત્ર (૧૮-૩-૫૦) ...................... ૨૨
૪. શ્રી મોરારજીભાઈ દેસાઈને પત્ર (૧૮-૩-૫૦) ................ ૨૩
૫. શ્રી રસિકભાઈ પરીખને પત્ર (૨૯-૩-૫૦) ...................... ૨૪
૬. શ્રી અર્જુનલાલાને પત્ર (૧૯-૪-૫૦) ............................ ૨૫
૭. શ્રી રવિશંકર મહારાજને પત્ર (૧૪-૪-૫૦) ...................... ૨૬
૮. શ્રી અર્જુનલાલાને પત્ર (૨૭-૪-૫૦) ............................ ૨૭
૯. શ્રી રસિકભાઈ પરીખને પત્ર (૨૩-૫-૫૦) ...................... ૨૭
૧૦. શ્રી કિશોરલાલ મશરૂવાળાને પત્ર (૧૫-૬-૫૦) ................ ૨૮
૧૧. શ્રી ચંદ્રકાન્તભાઈને પત્ર (૧૯-૬-૫૦) ........................ ૩૦
૧૨. શ્રી અર્જુનલાલાને પત્ર (૧૩-૯-૫૦) ............................ ૩૩
૧૩. શ્રી નટુભાઈ (ધોળકાળા વકીલ)ને પત્ર (૧૯-૯-૫૦) ............ ૩૫
૧૪. શ્રી નંદલાલભાઈને પત્ર (૨૬-૯-૫૦) ............................ ૩૬
૧૫. શ્રી નંદલાલભાઈ વકીલને પત્ર (૭-૧૧-૫૦) .................. ૩૯
૧૬. શ્રી હિંમતલાલ શુક્લને પત્ર (૯-૧૧-૫૦) ...................... ૩૯

**પરિશિષ્ટ** : ન્યાયનું નાટક ....... અંબુભાઈ શાહ .................. ૪૧



■ **પ્રકાશક** : **મનુ પંડિત**, મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૪.

■ **આવૃત્તિ** : પ્રથમ : ૭ માર્ચ, ૧૯૯૮ ■ **નકલ** : **એક હજાર**

■ **કિંમત** : **રૂપિયા દસ**

■ **ટાઈપસેટીંગ** : **"પૂજા લેસર"** અમદાવાદ-૪. ફોન : **૫૬૨૬૯૮૨**

# સંપાદકના બે બોલ

મુનિશ્રીના "ન્યાયનું નાટક" વગેરે લેખો અને શ્રી મોરારજીભાઈ વગેરે ઉપરના પત્રો વાંચ્યા. પત્રો તો વારંવાર વાંચવાના થયા. તે પરથી એના પર ચિંતન ચાલ્યું મનન થયું અને મંથન કર્યું. પરિણામે જે તારણમાં આવ્યું તેની ફલશ્રુતિ આ "ન્યાયનું નાટક" પુસ્તિકા.

મારે આ વિષે કંઈ કહેવાનું નથી : મુનિશ્રીએ પોતાના લેખોમાં અને પત્રોમાં ઘણું સ્પષ્ટ કહ્યું જ છે. કોર્ટ કચેરીઓ, ન્યાયાધીશો, વકીલો, સરકારો, પ્રધાનો, ધારાગૃહો, લોકપ્રતિનિધિઓ, લોકો, લોકતંત્રતા વહીવટી નાના મોટા કર્મચારીઓ તેમજ અધિકારીઓ, અખબારો એમ સહુને આ વિષે પોતાની વેદના અને વ્યથા જણાવ્યાં છે. અપરાધ કરનારા અને અપરાધનો ભોગ બનનારાઓ તેમજ તેમના સગાં વહાલાંઓને પણ એ લખાણો હૃદયસ્પર્શી બને તેવાં છે.

મુનિશ્રીનાં લખાણોમાં કોઈને પણ અજાણતાંયે અન્યાય ન થઈ જાય તેની કાળજી, નિર્ભિક્તા, નમ્રતા, નિખાલસતા, પારદર્શકતા અને ખુલ્લાપણું અમને જોવા મળે છે.

આ પુસ્તિકાની પ્રસ્તાવના લખવા માટે શ્રી ત્ર્યંબકલાલ મહેતાને વિનંતી કરી, ઘણા વ્યસ્ત હોવા છતાં તેમણે ઉષ્માપૂર્ણ તરત હા પાડી. બધું લખાણ વાંચી ગયા અને ટૂંકા દિવસોમાં પ્રસ્તાવના લખી આપી. આ બદલ અમે તેમના આભારી છીએ.

શ્રી મહેતા એક કુશળ એડ્વોકેટ અને ન્યાયશાસ્ત્રી હોવાથી એમને આજની ન્યાયપદ્ધતિનો બહોળો અનુભવ છે. એમની અનુભવી કલમે પોતાની વિવેક બુદ્ધિથી જે કંઈ લખ્યું છે કે, સૂચનો કર્યાં છે તે લાગતાવળગતા સહુ કોઈ વાંચશે, વિચારશે, અને તેના અમલીકરણ માટે પોતે જ્યાં હોય ત્યાં પ્રયત્નશીલ રહેશે તો, આજની ન્યાયપદ્ધતિને યોગ્ય દિશા આપી શકાશે અને સાચી નીતિ રીતિમાં બદલાવી શકાશે.

તા. ૧-૩-૯૮ **અંબુભાઈ શાહ**

# પ્રસ્તાવના

૧૯૫૦ની સાલ હતી. આજથી લગભગ અર્ધી સદી પહેલાંની વાત છે. મુનિશ્રી સંતબાલજી સત્ય અને અહિંસાના આધારે ધર્મમય સમાજની પુનર્રચનાના પ્રાયોગિક કાર્યમાં પડ્યા હતા અને તેના પ્રયોગના એક સ્તંભ જેવા કાર્યકર ધોળી ગામના એક કાળુ પટેલ હતા. કોઈ અંગત દ્વેષથી કાળુ પટેલનું કોઈ બે વ્યક્તિઓએ ધોળે દિવસે ધારિયાના ઘા કરી ખૂન કર્યું. તુરત જ દેકારો થયો પરંતુ ખૂન કરનાર નાસી છૂટ્યા. શકમંદોને પોલીસે પકડ્યા. બાદમાં શ્રી રવિશંકર મહારાજ અને મુનિશ્રી સંતબાલજી પાસે પકડાયેલા શકમંદોએ ગુનાની કબૂલાત કરી પરંતુ તે બાદ તેઓ કબૂલાતમાંથી ફરી ગયા. કોર્ટમાં કેસ ચાલ્યો અને રવિશંકર મહારાજશ્રી તથા મુનિશ્રી સંતબાલજીની જુબાનીઓ કોર્ટમાં થઈ જેમાં તહોમતદારોએ તેમની રૂબરૂ ગુનો કબૂલ્યાનો પુરાવો આપ્યો. હકીકત જે રજૂ થઈ છે તે ઉપરથી જણાય છે કે આ સિવાય બીજો પુરાવો સાંયોગિક પ્રકારનો હતો પરંતુ કોર્ટે તેને સજા કરવા માટે પૂરતો હોય તે માન્યું નહિ હોય. શ્રી રવિશંકર મહારાજશ્રી તથા મુનિશ્રી જેવી સત્યનિષ્ઠ વ્યક્તિઓ પાસે જે કબૂલાત તહોમતદારોએ કરી તે Extra Judicial Confession (બીન ન્યાયાધિકારી પાસેની કબૂલાત) તરીકે ઘણી અગત્યની ગણાય અને તેના ઉપર આધાર રાખીને તથા તહોમતદારોને આ ખૂન કરવાના કારણો હતાં તે ધ્યાનમાં લેતાં તેઓને તકસીરવાન જરૂર ઠરાવી શકાય, પરંતુ આ બંને મહાનુભાવોની જુબાની ઉપરથી કોર્ટે એવું તારણ કાઢ્યું કે આ કબૂલાત કરતી વખતે તહોમતદારો "પોલીસ કસ્ટડીમાં" હતા તેથી કાનૂની દૃષ્ટિએ તેવી કબૂલાત ઉપરજ આધાર રાખી ગુનો સાબીત થયો છે તેમ માની શકાય નહિ. આથી ખરેખર ગુનો કર્યો હોવા છતાં બંને ગુનેગારો છૂટી ગયા. આ ઠરાવ સામે સરકારી અપીલ થવાનું જણાતું નથી.

આ રીતે ધોળે દિવસે ખૂન કરનારા ગુનેગારો કે જેમણે ગુજરાતની બે મહાન સન્નિષ્ઠ વિભૂતિઓ સમક્ષ દિલ ખોલીને કોઈપણ પ્રલોભન વિના કબૂલાત કરી અને તેનો પુરાવો કોર્ટ સમક્ષ આવ્યો છતાં તેઓ જે ન્યાયપદ્ધતિને લઈને છૂટી શક્યા તે ન્યાયપદ્ધતિ અસત્ય અને જૂઠને ઉત્તેજન આપનાર છે. અને "ન્યાયનું નાટક" છે. તેથી વિશેષ કશું જ નહિ તેવો પ્રતિભાવ મુનિશ્રી સંતબાલજીનો થયો એ કોઈપણ સંનિષ્ઠ અને સમાજપ્રેમી વ્યક્તિને થવો જોઈએ. મુનિશ્રીએ આ ઘટના વિશે લાગતી વળગતી તમામ વ્યક્તિઓને પત્રો લખ્યા તેમજ તેમના મુખપત્ર "વિશ્વવાત્સલ્ય"માં પણ પોતાની વ્યથા અને વ્યગ્રતા ઠાલવી.

તા. ૨૦મી ફેબ્રુઆરીએ નદીશાળા ગામમાં મહિલાઓના મહાસંમેલનમાં આ પુસ્તિકા અંગેના કાગળોનું એક પેકેટ શ્રી અંબુભાઈએ મને આપતાં કહ્યું કે, **"ન્યાયનું નાટક"** કરીને જે પુસ્તિકા તેઓ છાપવા ઇચ્છે છે તેના આ કાગળો છે અને તેમાં હું પ્રસ્તાવના લખું તેમ તેઓ ઈચ્છે છે. તેમણે સ્પષ્ટતા કરી કે મારા અનુભવની દૃષ્ટિએ મને જે યોગ્ય જણાય તે વિચારો દર્શાવવાની છૂટ છે.

આ બધા કાગળો હું વાંચી ગયો છું. આ પ્રશ્ન બાબત આ પહેલાં રૂબરૂ ચર્ચાઓ પણ મારે થયેલ છે. શ્રી અંબુભાઈએ આ કાગળો મને આપ્યા ત્યારે એક મિત્ર જે મારી સાથે હતા તેમણે ટકોર કરી કે અર્ધી સદી પહેલાં બનેલ બનાવને હવે ફરી ઉખેડવામાં શું અર્થ સરે છે ? તે વખતે તો મેં તેમને કહ્યું કે તે પ્રશ્નનો જવાબ શ્રી અંબુભાઈ આપી શકે. પરંતુ બધા કાગળો વાંચ્યા બાદ મુનિશ્રીએ જે પ્રશ્નો ઉઠાવ્યા છે તે અંગે ચિંતન કરતાં મને લાગે છે કે આ પ્રશ્નો કોઈ એક કેસને લગતા નથી અને હજુ પણ હાલની ન્યાય વિતરણ પદ્ધતિને અનુલક્ષીને તેટલાં જ જીવંત છે અને તે વિશે જાગૃત રહી તેનો નિવેડો લાવવોજ જોઈએ. રાજકીય સ્વાતંત્ર્ય મલ્યા બાદ આપણે બ્રિટિશ રાજ્યતંત્રના વારસામાં મળેલ ન્યાયપદ્ધતિ જેમની તેમ અકબંધ રીતે ચાલુ રાખી છે તેની આજે અર્ધી સદી બાદ સમીક્ષા કરવાની તાતી જરૂરીઆત છે. કમનશીબે દેશના ન્યાયવિદોમાં ભાગ્યેજ કોઈએ સમગ્ર ન્યાયતંત્રની સુધારણા બાબત પૂરતું લક્ષ્ય આપ્યું છે. આપણા જુદા જુદા લૉ કમીશનોએ પણ છૂટક છૂટક સુધારણાઓની સૂચના કરી છે પરંતુ સમગ્ર તંત્રને લક્ષ્યમાં રાખીને કોઈ વિચારણા થયાનું જાણવામાં આવેલ નથી. આથી મુનિશ્રીએ ઉઠાવેલ પ્રશ્નો તાજા થાય તે રાષ્ટ્રના હિતમાંજ છે.

પરંતુ તે પ્રશ્નોની સમગ્રતા એટલી વિશાળ છે કે તેની ચર્ચા આ પ્રસ્તાવનામાં કરવાનું અશક્ય છે. મુનિશ્રીએ તેમની વ્યગ્રતામાં હાલની ન્યાય વિતરણ પદ્ધતિના દોષનો ટોપલો વકીલો તથા ન્યાયાધીશો ઉપર નાંખેલ છે તે કેટલે અંશે બરાબર છે તેવી સમીક્ષા કરવાનું હાલની તકે ઉચિત છે કારણ કે હાલની ન્યાય વિતરણ પદ્ધતિના દોષો માટે વકીલો અને ન્યાયાધીશો જ જવાબદાર હોય તો તે પદ્ધતિ-દોષ નથી, પરંતુ પદ્ધતિનો અમલ કરનારનો દોષ છે અને તેથી આપણું ધ્યાન પદ્ધતિ ઉપરથી હટીને અમલ કરનારાને સુધારવા તરફ હોવું જોઈએ. પરંતુ મારા મતે મુખ્ય દોષ પદ્ધતિનો છે અમલ કરનારનો આંશિક રીતે હોય તો પણ તે મૂળભૂત રીતે પદ્ધતિમાંથી નિષ્પન્ન થતો હોય છે. તેથી હાલની પદ્ધતિ શું છે અને કયા સિદ્ધાંતો ઉપર કામ કરે છે તે સમજવાની ખાસ જરૂર છે.

મુનિશ્રીનું લક્ષ્ય ફોજદારી કાનૂન પદ્ધતિ (Criminal Justice) ઉપરજ હતું તેથી અહીં તે પદ્ધતિની જ ચર્ચા મુખ્યત્વે કરીશું. આપણી સમગ્ર ન્યાય વ્યવસ્થા સંઘર્ષાત્મક પદ્ધતિ (Adversory System) ઉપર રચાએલ છે. એટલે કે સંઘર્ષમાં આવેલ બંને પક્ષો કોર્ટમાં રજૂ થાય. બંને પોતપોતાના પક્ષનો કેસ રજૂ કરે અને તે બંનેએ રજૂ કરેલ અને કોર્ટમાં દાખલ કરેલ પુરાવાઓ લક્ષ્યમાં લઈ "ઉપલબ્ધ" સત્ય શું છે તેનું તારણ કોર્ટના ન્યાયાધીકારી કરે અને પોતાનો ચુકાદો આપે. તેથી નારાજ થએલ પક્ષ તેના ઉપર અપીલ કરે અને બંને પક્ષોને સાંભળી, જે પુરાવો રજૂ થયેલ હોય તે પુરાવા ઉપરથી નીચેની કોર્ટે આપેલ ઠરાવ વાજબી છે કે કેમ તેનો નિર્ણય અપીલ કોર્ટ કરે. આ રીતે કોર્ટનો જે ઠરાવ કાયમી સ્વરૂપ પકડે તે હંમેશાં ખરા "સત્ય"ને અનુરૂપ હોય તેવું નથી, કારણ કે કોર્ટે કાઢેલ તારણનો આધાર કોર્ટના રેકર્ડમાં આવેલ પુરાવોજ છે. તે પુરાવાથી વિરુદ્ધ ન્યાયાધીશનું અંગત જ્ઞાન હોય તો તે અંગત જ્ઞાન ઉપર પોતાના ઠરાવ આધાર રાખી શકે નહિ. આથી આખરી "સત્ય" અને કોર્ટનું તારણ એક ન પણ હોય.

ઉપરના વિધાનો માટે કોઈ બે મત હોઈ શકે નહિ. પરંતુ તેનો ફલિતાર્થ શું છે ? સંઘર્ષાત્મક પદ્ધતિમાં દરેક પક્ષે પોતાનો કેસ શું છે તે રજૂ કરવાનું હોય છે. એટલે કે બીજા શબ્દોમાં કહીએ તો કોર્ટ પાસે જે રજૂઆત થાય છે તે "પક્ષીય ધોરણે' થાય છે. "પક્ષીય ધોરણે" થતી રજૂઆત એકાંતલક્ષી હોય તે સ્પષ્ટ છે. તેવી રજૂઆત નિર્ભેળ સત્યને અનુલક્ષીને હોય તેમ માનવું અવાસ્તવિક છે. કોઈપણ કાનૂની તકરારમાં બે પક્ષો હોય છે અને બંનેને સાંભળીને ન્યાય કરવાનો હોય છે તેના કારણમાં મૂળભૂત સિદ્ધાંત એ છે કે બંને પક્ષોની વાતો એકાંતિક હોવા છતાં તે બંનેમાંથી "સંભવિત" સત્યનું તારણ કાઢી શકાય. આવું તારણ કાઢવાનું કામ ન્યાયાધીશનું છે વકીલોનું નહિ, કેમકે વકીલોની રજૂઆત તો પક્ષીય ધોરણે જ થયેલ હોય. આથી કોઈપણ વકીલને અંગત રીતે ખામી થએલ હોય કે તેના અસીલે ખરેખર ગુનો કરેલ છે પરંતુ તે કબૂલ કરવા ઇચ્છતો નથી તો તે એમ ન કહી શકે કે પોતે વકીલ તરીકે કોર્ટ પાસે અસીલનો ગુનો કબૂલ કરશે કારણ કે તેને ખાતરી છે કે અસીલે ગુનો કરેલ જ છે. સત્ય પ્રત્યેની તેની આસ્થા મુનિશ્રીની કક્ષાની હોય તો તેને માટે એકજ રસ્તો છે કે તેના અસીલને સત્ય બોલવાનું સમજાવે અને તે સમજવા તૈયાર ન હોય તો તે કેસ જતો કરે. આ રીતે કેસ જતો કરવાની તૈયારી કરનાર વકીલે કોઈ બીજો વ્યવસાય શોધવો જોઈએ જે દરેક માટે શક્ય નથી. ઉપરાંત હાલની ન્યાય વ્યવસ્થા એવી છે કે સાચું બોલીને ગુનાનો

સ્વીકાર કરનાર સત્યવાદીને તો ગુનાની સજા થવાની જ છે. પરંતુ અસત્ય અગર અર્ધસત્ય બોલીને ગુનામાંથી છૂટી જવાનો સંભવ વિશેષ છે. આ દોષ પદ્ધતિનો છે કે વકીલોનો ? વકીલોનો દોષ હોય તો એટલોજ કે દોષિત પદ્ધતિવાળો ધંધો તેણે સ્વીકાર્યો. મૂડીવાદી અર્થતંત્રની રચના, જે નિર્ભેળ અંગત સ્વાર્થ ઉપર જ રચાએલ છે, તેમાં ફક્ત વકીલાત જ નહિ પરંતુ લગભગ તમામ ધંધાઓ એવી દોષિત પદ્ધતિવાળા છે કે કયા ધંધામાં, માણસ જોડાય તો સત્યનિષ્ઠાને બાધ ન આવે તે કહેવું મુશ્કેલ છે.

મુનિશ્રીના શ્રી હિંમતલાલ શુક્લ (જે કાળુ પટેલ ખૂનકેસમાં તહોમતદારોના વકીલ હતા) ઉપરના તા. ૯-૧૧-૫૦ના પત્રમાં નીચે મુજબ લખે છે :

*"મારી વાતો ચાલુ પ્રણાલી મુજબ ભલે નહીં લાગે પરંતુ તે ન્યાયના મૂળભૂત આત્માને સ્પર્શે છે એની મને પૂરેપૂરી ખાતરી છે.*

*હું વકીલને પોતાના અસીલોના સત્યને બહાર લાવી સચોટ રજૂ કરનાર અને તે જ રીતે સામા પક્ષના અસીલોના સત્યને સ્વીકારનાર - એવા અર્થમાં લઉં છું."*

ઉપરના વિધાનોમાં મુનિશ્રી "ન્યાયના મૂળભૂત આત્માને સ્પર્શે છે" તેમ જણાવેલ છે તે સંપૂર્ણ સત્ય છે. પરંતુ કોઈ વકીલ પોતાના અસીલની મરજી વિરુદ્ધ ઉપર અન્ડરલાઈન કરેલ રજૂઆત કોર્ટમાં કરે તો વકીલ તરીકેની તેની ધંધાકીય ફરજમાંથી ચ્યૂત થાય છે અને હાલ અમુક ક્ષેત્રોમાં વકીલાત જે રીતે ચાલે છે તે રીતે તો જો કોઈ વકીલ તે પ્રમાણે કરે તો તે ફૂટી ગયો છે અને સામાવાળા પાસેથી લાંચ લીધી છે તેમજ માનવામાં આવે.

આથી તાત્પર્ય એ નીકળે છે કે દોષ વકીલો કે ન્યાયાધીશોનો છે તેથી વિશેષ જે પદ્ધતિમાં તેઓ કામ કરે છે તે પદ્ધતિનો છે અને ખરો ઉપાય મુનિશ્રીના શબ્દોમાં કહીએ તો "ન્યાયના મૂળભૂત આત્મા"ને સ્પર્શે તેવી ન્યાયપદ્ધતિ ઘડી કાઢવામાં રહેલ છે, જે અશક્ય નથી. હાલની પદ્ધતિ વકીલોના નિજી સ્વાર્થને ઉત્તેજન આપનાર અને સત્ય પ્રત્યે બહુધા ઉપેક્ષાવૃત્તિ ધરાવનાર છે તેનો ઉપાય શોધવો જોઈએ.

હાલની પદ્ધતિમાં સત્યાન્વેષણનું કાર્ય ન્યાયાધીશનું છે, પ્રોસીક્યુટરનું નથી તેમજ તહોમતદારના વકીલનું પણ નથી. તે પદ્ધતિમાં ફેરફાર કરી વકીલોને સત્યાન્વેષણના કાર્યમાં ભાગીદાર બનાવવાનું શક્ય નથી. પરંતુ જે શક્ય છે તે મારા મત મુજબ નીચે મુજબ છે.

૧. કાનૂનોના શાબ્દિક પ્રબંધોમાંથી ઉપર ઊઠીને વાસ્તવિક ન્યાયની દિશામાં લઈ જાય તેવું પુરાવાઓનું તથા કાનૂની પ્રબંધોનું અર્થઘટન કરી શકે તેવા ન્યાયાધીશોની પસંદગી અને તે માટેના પ્રયત્નો.

૨. ફક્ત અર્થોપાર્જનના નિજી-સ્વાર્થ માટે કાનૂની લડત ચલાવતા લુંટેરુ વૃત્તિના વકીલો ન્યાયના કામથી દૂર રહે તેવી વ્યવસ્થા - અમારા મત પ્રમાણે હાલની વ્યક્તિગત - સાહસ (લીઝેફેર) ઉત્તેજન આપતી વ્યવસ્થા ને બદલે સહકારી ધોરણે ચાલતી કોઈ એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ કે જે ખરા ન્યાયના કામમાં મદદરૂપ થાય અને છતાં દરેક વકીલનો વ્યવસાય આર્થોપાર્જન માટે પણ ચાલે. આવી નવી વ્યવસ્થામાં વકીલો અસીલોના પક્ષીય પ્રતિનિધિ નહિ પણ સામાજિક ન્યાયના પ્રતિનિધિ હોય કે જેથી તેનું વલણ પક્ષીય ન રહે. અને તે વ્યવસાયમાં જેને દાખલ થવું હોય તે તમામ દાખલ થાય તેવી છૂટ પણ ન હોય.

૩. ફોઝદારી ગુનાઓના કેસો હોય ત્યાં ગુનાની તપાસ કરનાર સંસ્થા ફક્ત ગુણદોષને લક્ષ્યમાં રાખીને સ્વતંત્ર રીતે કામ કરે અને રાજકારણ તથા રાજકારણી વ્યક્તિઓથી અલિપ્ત રહી તપાસ ચલાવી શકે તેવો કાનૂની પ્રબંધ થવો જોઈએ. તેમ થાય તો હાલની પોલીસ તપાસમાં થતાં દૂષણો મહદે અંશે દૂર થશે અને પોલીસ તપાસની વિશ્વસનીયતા વધશે જે હાલ નથી.

આ અને આવાં બીજાં ઘણાં સૂચનો થઈ શકે કે જેથી મુનિશ્રીએ હાલની ન્યાય પદ્ધતિ પ્રત્યે જે વાજબી રોષ વ્યક્ત કરેલ છે તેનો આંશિક ઉપાય થઈ શકે. બાકી જે સમાજ વ્યવસ્થા નિજી સ્વાર્થ ઉપરજ રચાએલ છે તે વ્યવસ્થાનાં તમામ અંગ-ઉપાંગો સ્વાર્થની દૃષ્ટિએજ ચાલશે તેમાં આશ્ચર્ય નથી. જરૂર છે આમૂલ સામાજિક ક્રાન્તિની.

**ત્ર્યંબકલાલ ઉ. મહેતા**

તા. ૨૪-૨-૯૮
"સિદ્ધાર્થ"
૩, દાદા રોકડનાથ સો.,
નારાયણનગર, અમદાવાદ-૭.

• • •

# ૧ અંતરની એક વાત

તાજેતરમાં બે ખૂનીઓએ ગૂંદી મુકામે પંચની, મારી તથા શ્રી રવિશંકર મહારાજની રૂબરૂ ખૂનનો એકરાર કર્યો. થોડો ઠપકો, ઉપદેશ અને વાતો સિવાય હું વધુ ઊંડો ન ઊતર્યો. એક તો ગુનેગારોએ એકરાર કર્યાનો પોરસ, માનવજાત ઉપરનો વિશ્વાસ અને મારે અરણેજ ભણી જવાની તાકીદ.

આ એકરાર કરનારાઓને અમારા બેમાંથી કોઈએ ગુનામાંથી મુક્તિની લાલચ નહોતી આપી, ઊલટું સજાનોય ખ્યાલ અપાયો હતો. અલબત્ત, ખૂનીઓ એકરાર ન કરે ત્યાં લગી પોલીસની કામગીરી વધે, ગામને નિંદાવું, તથા છૂપાવું પડે, ખૂનનો ભોગ બનનારનાં સગાંઓનો વૈરવિરોધ વધે અને એનાં કડવાં ફળ ઘણાંને ચાખવાં પડે અને નિર્દોષો પણ આમાં સંડોવાય વગેરે જોખમોનો ચિતાર અપાયો હતો. અને હિંસા પછી સાચો પસ્તાવો થાય અને સત્યને વળગી રહેવાય તો સજા કરનાર ન્યાયાધીશની કલમ સહેજે કંપવાની, અનુભવજન્ય ખ્યાલ શ્રી મહારાજે આપ્યો હતો.

એ કલ્પના પણ કેમ આવે કે ખૂનીઓ આવું બન્યા પછી, સ્પષ્ટ આ રીતે અમારા સૌની સામે એકરાર કર્યા પછી જૂઠું બોલશે, ફરી જશે ? પણ મને થોડા સમય બાદ પોલીસ તરફથી ખબર મળ્યા કે ખૂનીઓ ફરી ગયા છે. અને આપની તથા શ્રી રવિશંકર મહારાજની સાક્ષી તરીકે અમારે મુખ્ય સેવા લેવી પડશે.

કુદરતની કળા અકળ છે : હિંસા અને જૂઠ બન્નેનો ખૂનીઓએ આશરો લીધો; એનું દુઃખ ખૂબ થયું. અધૂરામાં પૂરું જે કોમને આ પ્રયોગના પાયામાં લીધી છે તે જ કોમના આ ખૂની સભ્યો હતા. મારું નિવેદન લઈને એની કેટલીક વધુ ચોખવટ માટે પોલીસ મારી પાસે આવી.

ખૂનીઓનો ખૂનએકરાર સ્પષ્ટ હતો. બેને બે ચાર જેવી વાત હતી. "થતાં થઈ ગયું, એટલે શું ?" તે વખતે મારે ગુંદીના જે ઓરડામાં પંચ અને અમારા સમક્ષ એકરાર થયો હતો, તે આખું દૃશ્ય ખડું કરવું પડ્યું અને ખૂનીઓ સાથે થયેલા મારા વાર્તાલાપને યાદ કરવો પડ્યો. તે વખતનું મારું મંથન મારા જે સાથીઓએ જોયું હશે. તે પણ કંઈક જાણી શકશે. હું તો એ અંતરની વ્યથા શી કહું ? ભાવ જેટલો યાદ રહે છે અથવા પ્રસંગની જે છાપ પડે છે. તેટલું શબ્દચિત્ર અક્ષરે અક્ષર ખડું કરવું સહેલું નથી તે આખી કડી શબ્દોમાં ગોઠવતાં સત્યનો આત્મા અને સત્યનું ક્લેવર બન્ને સામે જોતાં મારી પારાવાર કસોટી થઈ. જ્યારે મને પૂરું સમાધાન ન મળે ત્યારે હું જે

શ્રદ્ધાએ, જે તત્ત્વનો આધાર લઉં છું, તેમાંથી મેં દિલાસો મેળવી, એ કાર્ય - એ ફરજની આટોપણી તો કરી; પણ આ એક અંતરની વાતનો સાર કહી દઉં :

"સત્યના સજિયાની ધાર ચોમેરથી તીક્ષ્ણ છે. એને કોઈ પણ બાજુથી પકડનારે માથું કોરાણે મૂકવું પડે છે; એ તો જાણીતી વાત છે. માણસ પોતા પરનાં બધાં દુઃખો સુખે સહી શકે છે. સ્વસ્થ રહી શકે છે, પણ જ્યારે અન્યાયો જૂઠાણાંઓ, પ્રપંચો, કાવાદાવાઓ ફાવી જતા દેખાય, સમાજમાં પ્રતિષ્ઠિત કહેવાતા બુદ્ધિશાળી લોકો પણ એવાના પૈસા કે બીજા લોભે કરીને ટેકેદાર થતા દેખાય; અને સરળતા, નિર્દોષતા, નિઃસ્વાર્થતા, સત્યાર્થીપણું એકમાત્ર સમર્પણ વગેરે તત્ત્વો હારી જતાં દેખાય કે ઢંકાઈ જતાં દેખાય અને એ અંગે સમાજમાં ખોટા અને કારમા પ્રત્યાઘાતો પડીને ઉપર પ્રથમ કહ્યા તેવા સર્વઘાતક દોષોની પ્રતિષ્ઠા સમાજમાં આવા પ્રસંગોથી વ્યાપી જતી જોવાય અને તે પણ લોકશાહી, પ્રજાસત્તાક સમયમાં ત્યારે સત્યને સાંગોપાંગ નિષ્ઠાપૂર્વક વળગી રહી આ જાતના મૂંગા સાક્ષી બનવા કરતાં "પ્રાણ છૂટે તો કેવું સારું ! એમ કોઈ વાર થઈ આવે છે." પરંતુ એટલું પણ થાય તે નબળાઈ છે. એવી નબળાઈને ખંખેર્યે જ છૂટકો છે. વાચકો એવી નબળાઈને ખંખેરવાની સાધનામાં અંતરની પ્રાર્થના દ્વારા સાથ આપશે એ અપેક્ષા રાખી આ વાત અહીં આટલેથી જ પૂરી કરું છું.

અગ્રલેખ **'સંતબાલ'**

વિશ્વવાત્સલ્ય : ૧-૬-૧૯૫૦

❀ ❀ ❀

## ૨ ન્યાયનું નાટક

આજે ન્યાયને નામે ખડી થયેલી અદાલતોમાં મૂળથી માંડીને ટોચ સુધી જે કાર્યવાહી ચાલી રહી છે, તે જોતાં ન્યાય નહિ પણ ન્યાયનું નાટક એમ કહેવું એ એને માટે હળવામાં હળવી ટીકા છે. ખરી રીતે નાટકને માર્ગે ન્યાય જઈ રહ્યો છે. અરે ! ન્યાય પોતે તો બિચારો શું જાય, પરંતુ ન્યાયના કહેવાતા આ નાના મોટા થાંભલાઓ ન્યાયને નાટકભણી પરાણે ઘસડી રહ્યા છે. આનો અર્થ એવો નથી કે સાચા ન્યાયને નાટકી ન્યાયાલયમાં લઈ જવામાં આવે છે; આનો અર્થ એ છે કે નાટકવાળા ન્યાયની પૂજા થાય છે. અને સાચા ન્યાયને ખાસડાં મારવામાં આવે છે.

ગાંધીજીના ખૂનનો જ દાખલો લઈએ તો કંઈક આ વાત વધુ સ્પષ્ટ રીતે સમજાશે. એ ખૂન ધોળે દહાડે થયું. સમૂહની સામે થયું બધું જ સ્પષ્ટ હતું. આમ છતાં લગભગ દશથી પંદર લાખનું ખર્ચ અને દોઢ વર્ષ જેટલો સમય ! આ બધું

કોની ખાતર અને શા માટે ? કહેવાય છે કે "શબવિચ્છેદન"નો મુદ્દો ઉપસ્થિત થવાનો હતો. જોકે આ વાત બહાર આવી નથી, નહિ તો ખૂની અને લાશ બંને સ્પષ્ટ હતાં, તોય શબવિચ્છેદનની ક્રિયાથી સિદ્ધ નથી થયું માટે ખૂન પુરવાર થઈ શકતું નથી એવી લાચારી જાહેર કરીને ન્યાયધીશ સાહેબ પોતાની ફરજને ઈતિસમાપ્ત કરી બેસત; અને એમ કરી બેસત, તોય કોણ વાંધો લેવાનું હતું ?

ન્યાયનો દરજ્જો મહાન હોવો જ જોઈએ. અને એમ હોય તો ન્યાયના અગત્યના અંગરૂપ ન્યાયાધીશનું સ્થાન સર્વોચ્ચ હોવું જ જોઈએ. પરંતુ આજે ન્યાયનાં અંગો જે નાટકી માર્ગે કૂચ કરી રહ્યાં છે તે જ રીતે જો ચાલુ રહે તો મારે કહેવું જોઈએ કે લોકસભાના બંધારણમાં ન્યાયધીશોને મળેલા અધિકારોથી પ્રજાકલ્યાણ નહિ સાધી શકાય. ઊલટું મને તો એ મોટામાં મોટું ભયસ્થળ જ લાગે છે. એ ભયસ્થળ દૂર કરવું હોય તો ન્યાયની આજની રીતો અને અંગોમાં ધરખમ સુધારો કરવો જોઈએ; આને સારુ ન્યાયના સિદ્ધાંતો અને આજની સ્થિતિ પર થોડી વિગતો લઈને અહીં વિચારવું ઠીક પડશે.

ન્યાયનો મૂળભૂત સિદ્ધાંત તો એ છે કે ગુનાઓ નિર્મૂળ થાય તેમજ પ્રજાનાં અભ્યુદય અને કલ્યાણ સરળ બને. આને સારુ ત્રણ સિદ્ધાંતોને મહત્ત્વ મળવું જોઈએ :

(૧) ગુનાઓ અટકાવવાની રીતો શોધાતી જ રહેવી જોઈએ.

(૨) ગુનેગાર કોણ છે, તે શોધવામાં સૌએ મદદ કરવી જોઈએ.

(૩) શારીરિક શિક્ષા ઓછામાં ઓછી અને ન છૂટકે થવી જોઈએ.

આજે આ ત્રણ પૈકી સૌથી અગત્યનો અને પ્રથમ મુદ્દો ગુનેગારની શોધનો છે. ગુનેગારની શોધ કર્યા વિના તો બિનગુનેગારેય કેમ જાણી શકાય અને એની કદર પણ શી રીતે થાય ? ગુનેગાર મળ્યા પછી તેને એવી શિક્ષા થાય કે જેથી કોઈને કોઈ દિવસે એ ગુનાથી પાછો વળે; પરંતુ શિક્ષાનો પ્રશ્ન તો પછીનો પ્રશ્ન છે, ગુનેગારની શોધનો પ્રશ્ન સૌથી મુખ્ય છે. આજે સ્થિતિ એથી તદ્દન ઊલટે માર્ગે ધપતી જાય છે. આજે તો ગુનેગારની શોધને બદલે ગુનેગારને બિનગુનેગાર અને તે પણ ન્યાયાધીશના દિલ ઉપર ગુનેગાર સાબિત થાય પણ-માત્ર કાગળ પર બિનગુનેગાર સાબિત થાય તેવું કરવામાં આવે છે. એટલે આબાદ રીતે ભંયકર ગુનેગાર પણ તરત છૂટી જાય છે. એટલું જ નહિ પણ ન્યાયાધીશના હૃદયને બિનગુનેગાર દેખાતો માણસ પણ કાગળિયામાં ગુનેગાર ઠરે, એટલે એને સજા ફટકારાય છે. જોકે બિનગુનેગારને ન્યાયાધીશે સીધેસીધી સજા ફટકારી હોય, એવા પ્રસંગો કોર્ટને ચોપડે ઓછા નોંધાતા હશે, પણ વાસ્તવિક્તા પર જોઈએ તો હાલત એ જ થાય છે. ગુનેગારો કોર્ટમાં છૂટી જાય છે. એને માટે મોટે ભાગે આ ચવાયેલું

સૂત્ર મોખરે ધરવામાં આવે છે : "હજાર ગુનેગારો ભલે છૂટી જાય, પણ એક પણ બિનગુનેગાર માર્યો ન જવો જોઈએ." પણ શબ્દોમાં આ ભલે હોય, ભાવમાં તો તે પણ જળવાતું નથી. ગુનેગારો ભલે છૂટી જાય એ હજુ નિભાવી શકાય, પરંતુ બિનગુનેગાર માર્યો જાય છે તે કેમ સહેવાય ? બિનગુનેગાર કેમ માર્યો જાય છે એ જોઈએ : દા.ત. બિનગુનેગાર ભૂલ્યેચૂક્યે જો કોર્ટમાં ફરિયાદી તરીકે જાહેર થયો તો બધું જ પુરવાર કરવાનું કામ એમનું જ એટલે એની પાયમાલીનો પાર નથી રહેતો. એક સમજુ માણસે મને કહ્યું : "પાંચ વર્ષથી પેલા માણસનો કેસ ચાલ્યા જ કરે છે. કેવી નાની વાત પણ લાંબું લાંબું ચાલ્યા જ કરે" કાગળિયાંના ઘોડા ઉપર સવારી કરવાની અને તેમાં પણ ગુનેગારને પૈસાના જોરે પ્રજામાં પ્રતિષ્ઠા પામેલો વકીલ મળી રહે છે. બિનગુનેગાર ફરિયાદી ગુનેગારથી પૈસા ટકાએ એટલો તો પહેલેથી જ હેરાન થઈ ગયો હોય છે કે પૈસાના જોરે કહેવાતા સારા એવા બીજા વકીલને એ નથી રોકી શકતો. પરિણામે ફરિયાદીનો જોરદાર વકીલ તર્કોથી પૂછીપૂછીને સત્યને ગૂંગળાવે અને જજ સાહેબ પેલા જોરદાર વકીલની શેહમાં અંજાઈ જાય અથવા શેહમાં ન અંજાય તો કાયદાના શાબ્દિક ખોખામાં પેલો કાયદાબાજ વકીલ ન્યાયાધીશ સાહેબને થકવી નાખીને એવી સ્થિતિમાં મૂકી દે છે કે આખરે ગુનેગાર કેસને જીતી જાય અને સમાજમાં બીજા ભયંકર ગુનાઓ કરવા પ્રેરાય. ગામડાંઓના અભ્યાસમાં હું આવો એક બે નહિ સેંકડો ગુનાઓ બેવડાતા જોઉં છું. આખરે લોકો કાયદાને ઠોકર મારી દે છે. પરિણામે આવનારી દેશની દુર્ગમ સ્થિતિની મારી આંતરિક વ્યથા કયા શબ્દોમાં કહું ?

હમણાં એક માણસે એક માણસ પર હુમલો કર્યો ને મારને લીધે ખૂન થઈ ગયું. તે ખૂનીને જે માણસે ભગાડ્યો તેને અને ખૂનીને બન્ને જણને વકીલે જામીન પર છોડાવ્યા. હવે ખૂનીને મદદ કરનાર માણસ ગામમાં મૂછ મરડતો ફર્યા કરે છે. એટલું જ નહિ પણ એણે જે કોમના શખસનું ખૂન થયું છે તે કોમને પકડવા માટે ચોવીસ જણ પર ખોટેખોટી ફરિયાદ કરી છે. જે ચોવીસ જણના નામો અપાયાં છે તેમાંનો એક જણ તો મહિનાઓ પહેલાં ગુજરી ગયો છે. કેટલું જૂઠાણું ? આ બધા જૂઠાણાંઓ જાણવા છતાં આવા સમાજદ્રોહી માણસની વકીલાત કરનારા વકીલો તૈયાર જ છે. જેમ કુટિલ વેશ્યા પાત્ર કુપાત્ર કશું ન જોતાં માત્ર પૈસા સામે જ જુએ છે પણ તેમાં મુખ્યત્વે બંનેનું જ બગડે છે. જ્યારે પૈસા સામું જોનારા વકીલો તો પોતાનું, સમાજનું અને ન્યાયનું સૌનું બગાડે છે. કહેવાય છે કે અમદાવાદના નિષ્ણાત લેખાતા એક મરહૂમ વકીલ તો સાફસાફ કહેતા "ત્રણ દરવાજે ધોળે દહાડે ખૂન કરી આવો, પણ વાંકો વાળ થવા નહીં દઉં. માત્ર રૂપિયા વીસ હજાર તૈયાર

રાખવા" ગુનાને ઉઘાડું ઉત્તેજન આથી બીજું કયું હોઈ શકે ? આવા વકીલોનેય સજા કરવાની આજના કોઈ ન્યાયાલયમાં જોગવાઈ છે ખરી ?

આપણે વેળાસર આ સત્યને સમજી લેવું જોઈએ કે જે ન્યાયાધીશ માત્ર શાબ્દિક ખોખાનો ગુલામ હોય કે રખાય તે ન્યાયાધીશની પાસે સાચા ન્યાયની આશા રાખવી ફોગટ છે. અને જે વકીલ પૈસાનો પૂજારી છે તે ગુનાઓની શોધ માટે નકામો છે. આવો વકીલ બિનગુનેગારને પરાજિત કરવામાં અને ગુનાઓને વધારવામાં સૌથી વધુ ભાગ ભજવે છે. અને તેથી આદર્શ ન્યાયની દૃષ્ટિએ એ સૌથી વધુ ગુનેગાર છે.

આ લેખના વાચકો વર્તમાન ન્યાયની રૂઢ પ્રણાલીની આંખે જોઈને મારા જેવાને હસે કે આજની અદાલતો આવું લખવા બદલ મને ગુનેગારેય ઠરાવે, પરંતુ મારા જેવાએ મોભારે ચઢીને પોકારવું જોઈએ કે આજની અદાલતોમાંના ન્યાયાધીશ અને વકીલથી માંડીને તલાટી, મુખી અને પોલીસ લગીનાં ન્યાયના કહેવાતાં સર્વ અંગો જ્યાં લગી ચારિત્ર્ય, ન્યાયનો આત્મા, નિસ્વાર્થપણું, તપ અને ત્યાગનો માર્ગ છોડીને શબ્દના બીબાં, જડ તર્કો, ખોટીશેહ કે પૈસા ભણી જ રાચશે ત્યાં લગી ન્યાયનો આત્મા કદી જ ખડો થવાનો નથી. નાટકને માર્ગે જ ન્યાયમંદિરોના ન્યાયને જવું પડવાનું છે.

નાટકને માર્ગે ન્યાય જાય એના કરતાં તો ઉઘાડા અન્યાયને હું વધુ બહેતર ગણવા પ્રેરાઉં છું. ન્યાયને નામે ન્યાયની આવી ક્રૂર મશ્કરી ચલાવી લેવી એના જેવું પ્રજાદ્રોહનું બીજું કૃત્ય કયું હોઈ શકે ?

વિશ્વવાત્સલ્ય : તા. ૧૬-૯-૧૯૫૦ **'સંતબાલ'**

❀ ❀ ❀

## 3 કાળુ પટેલ ખૂનકેસનો ફેંસલો

બચાવપક્ષના ધારાશાસ્ત્રી કોર્ટમાં કહે છે : "કાળુ પટેલ એ ઉત્તમ કૉંગ્રેસી કાર્યકર્તા હતા. તેમનું આવું ખૂન કરનારે ભયંકર કૃત્ય કર્યું છે."

શ્રી રવિશંકર મહારાજ સાથેની ઊલટ તપાસમાં તેઓ કહે છે : "દાદા ! આ અદાલતમાં આપને સવાલો પૂછીને મારો ઈરાદો આ કેસમાં સત્ય શોધવાનો છે." તેઓ એક સવાલમાં શ્રી મહારાજને પૂછે છે : "મુનિશ્રી સંતબાલજીએ ગુનેગારોને એવી બાંયધરી આપેલી કે આ ગુનાની કબૂલાતની જાણ પોલીસને કરવામાં આવશે નહિ ?" દાદા જવાબ આપે છે : "ના, આ વાત ખોટી છે. અત્યારે હું તમને અહીંયાં જે કંઈ કહું છું, તે સત્ય હકીકત કહું છું અને તમે મારામાં વિશ્વાસ રાખો."

શ્રી શુક્લ તરત કહી દે છે : "મને આપનામાં સંપૂર્ણ વિશ્વાસ છે. જે દિવસે મારો એ વિશ્વાસ ડગી જશે, ત્યારે હું આ વકીલાતનો ધંધો છોડી દઈશ.

આ જ ધારાશાસ્ત્રીએ શ્રી મહારાજને એ પૂછી લીધું છે કે, "આપે ઘણા ગુનેગારોને માફી અપાવી છે, ખરુંને ?"

શ્રી મહારાજે 'હા' કહી છે.

પાછળથી આ જ ધારાશાસ્ત્રી કેસ આટોપતી વખતે અદાલતમાં જૂરી વગેરેને સંબોધતાં કહે છે : "સત્ય અને નીતિ નહિ, પણ તમારે કાયદા સામે જોવાનું છે." શ્રી મહારાજના શબ્દોમાંની પોલીસની હાજરીને તેઓ કસ્ટડી ઠરાવે છે. પોલીસની જુબાનીમાં કસ્ટડી નીકળતી નથી. મુખીની જુબાની કસ્ટડી વિરુદ્ધની છે અને તેઓએ કહ્યું છે : "કાળુ પટેલનાં સગાંઓ શંકાસ્પદ એવી આ વ્યક્તિઓને મારે નહિ, માટે પોલીસે મને (શકદારોને) ગામમાં લઈ જવા કહ્યું." આ જુબાની સેશન્સમાં લેવાતી નથી. કસ્ટડી સાબિત થાય તો કસ્ટડીમાં કરેલી કબૂલાત નિષ્ફળ છે, એ સાણસાનો ઉપયોગ થાય. જો કસ્ટડી સાબિત ન થાય તો આ કબૂલાત અંગત છે એમ કરીને ઉડાડી દેવાય.

સાંયોગિક પુરાવાઓ પણ આ શકદારોને જ ખૂની ઠરાવે તો ? તો કાળુ પટેલની સામે આ પહેલાં બીજી પણ ફરિયાદો હતી, એવું ઠસાવવા મને આ વકીલબંધુએ રાયકા અડવાળવાળી વાતો પૂછી. રાયકાનું સમાધાન થયું હતું અને એ વાતમાં કોઈ અદાવતનો પ્રશ્ન નહિ, પણ ગામના ચરાણનો પ્રશ્ન હતો; જે પતી ગયો હતો. આ સાણસો નિષ્ફળ થયો એટલે દાર્શનિક પુરાવો નથી; એમ ઠસાવવા પ્રયત્ન થયો. આમાં ક્યાં રહ્યું સત્ય શોધન અને ક્યાં રહી વિશ્વાસની વાત !

મને વધુ દુઃખ સાથે નવાઈની વાત તો એ લાગી કે શ્રી ન્યાયાધીશ સાહેબ તરફથી નીચેના શબ્દો બોલાયા છે :

"આ ખૂન ખટલામાં પૂ. શ્રી રવિશંકર મહારાજ અને મુનિશ્રી સંતબાલજીએ મહત્ત્વના સાક્ષીઓ તરીકે અદાલત સમક્ષ જુબાનીઓ આપી છે. આપણે આ પૂજ્ય પુરુષો પર કદી અવિશ્વાસ ન લાવી શકીએ, તેઓ તો વંદનીય છે."

આમ બોલવા છતાં પાછું તેઓ જ આમ બોલે છે : "ન્યાયની અદાલતમાં કેસને માત્ર કાયદાની દૃષ્ટિએ જ તપાસવાનો હોય છે, નહિ કે નૈતિક રીતે." કેવી આ ભ્રામક અને ગેરરસ્તે દોરનારી વાત છે ! "ન્યાયની અદાલતમાં નીતિ જ મુખ્ય છે, નહિ કે કાયદાનું જડ ખોખું." આવા શબ્દો ન્યાયમૂર્તિને મુખે નીકળવા જોઈએ. કારણ કે અદાલતમાં ઈશ્વરના સોગન અપાય છે, નહિ કે કાયદાના ! ઈશ્વર તો

સત્ય અને નીતિનો છે. પ્રથમ તો પોલીસોની હાજરી, પોલીસોની જુબાની એ દેવીસિંહની જુબાની પરથી એમ સિદ્ધ કરે છે કે શકદારોને રક્ષણ આપવા માટે છે.પોલીસોની હાજરી માત્રને કસ્ટડી કહેવામાં આવે; તોય પંચ અને અમારી હાજરીમાં પસ્તાવાથી કરેલી કબૂલાત શું મૅજિસ્ટ્રેટની હાજરી કરતાં ઓછી પ્રમાણભૂત છે ? ચાલો એ વાતનેય ઘડીભર છોડી દઈએ તો સંયોગોના પુરાવાઓ કેટલા બધા જબ્બર છે ?

(૧) આગળ પાછળના આ બે આરોપીઓને કાળુ પટેલ સાથે કારણો મજબૂત હતાં. જમીનની વાત, સલામતીધારાવાળી વાત વગેરે એનાં પૂર્વ પ્રમાણો છે.

(૨) તરતના થોડા દિવસ પહેલાં અંબુભાઈ પાસે તેઓ આવી ગયા હતા.

(૩) અરે ! તે જ દહાડે મારી પાસે અગિયાર વાગે આવ્યા ત્યારે ઉશ્કેરાટમાં હતા અને "ગાડી બાળી તથા અમારા સંબંધીને માર માર્યા"ની વાત કરી હતી.

(૪) મેં બપોરે મહાદેવની સભામાં આવવા કહ્યું હતું. અહીં લગીની વાતોને બે આરોપીઓમાંનો એક સ્વમુખે અદાલતમાં પણ સ્વીકારે છે.

(૫) રાણાભાઈને મુખે ગાડી બાળવાની વાત ધારિયાં મારતી વખતે આવે છે. બે જણાને મારતા અને નાસી જતા તેઓ જુએ છે અને નવલભાઈને દેખાડે છે.

(૬) આ જ બે ભાઈઓને શક ઉપરથી પોલીસ શબવાળે સ્થળે લાવે છે.

(૭) કાળુ પટેલના પુત્રોને પણ આ બે વ્યક્તિઓ અને ફૂલજી તેજા પર શક આવે છે.

(૮) બીજે દહાડે આ આરોપીઓ ગુનાની કબૂલાત કરે છે.

(૯) ધારિયાં બતાવે છે એટલું જ નહિ પણ શ્રી મહારાજ અને પંચ સમક્ષ પોતપોતાના મુદ્દામાલ ઓળખાવે પણ છે.

આમ છતાં આટલી મહત્વની બાબત તરફ ન્યાયાધીશ સાહેબનું ધ્યાન કેમ જતું નથી ? તેઓ સંયોગિક પુરાવાઓ તો સ્વીકારે છે, પણ આંખથી જોઈને આ ગુનેગારોને કોઈએ ઓળખાવ્યા નથી, તે વાતને જ વળગી રહે છે. નજરે જોનાર રાણાભાઈની બચાવ પક્ષના ધારાશાસ્ત્રી વારંવાર ઊલટ તપાસ ચલાવે છે. છતાં તેઓ એની એક વાત વારંવાર કહે છે : 'આરોપીઓએ આવીને સીધા કાળુ પટેલને મારવા જ માંડ્યા હતા. આરોપીઓ મારા દુશ્મન નહોતા; છતાં તેઓ મને મારશે તેવી બીક લાગેલી; કારણ કે મારામારીનું સ્વરૂપ ઘણું ગંભીર હતું. કાળુભાઈ પટેલ મારી પાછળ આવતા હતા. (હું) આગળ જતો હતો તેવામાં મેં એક અવાજ સાંભળ્યો કે; કાળુ પટેલ તમે અમારું શું કર્યું ? ત્યારે કાળુ પટેલે આ બે માણસોને જણાવ્યું કે, 'ગાડું બાળીને તમે અહીંયાં ધારિયાં લઈ શું કોઈને મારી નાખવા અહીં

આવ્યા છો ?' આ વાત પૂરી થાય તે પહેલાં જ આ બે માણસો કાળુભાઈ પટેલ પર ધારિયાં વડે તૂટી પડ્યા. આથી હું એકદમ ગભરાઈ ગયો... મારું મગજ આ બધું જોઈ ગાંડા જેવું થઈ ગયું હતું. ઊલટ તપાસમાં તેઓ કહે છે : "મારી આંખોમાંથી મેઘાડંબર વહેતા હતા."

જે માણસ આવી સ્થિતિમાં હોય અને પહેલી જ વાર આવું દશ્ય નજરે જોયેલ હોય તો તે આંખે ન ઓળખી શકે તે બનવા જોગ નથી ? શ્રી મહારાજ પણ આ આરોપીઓ સાથે રૂબરૂ એકરાર વખતે વાત કરવા છતાં, ઓળખી ન શક્યા. મારો તો પોણા બે વર્ષથી પરિચય હતો, એટલે હું તો ઓળખી જ શકું. પણ આ માણસે જે સાંભળ્યું તે સાંભળેલા શબ્દો આ ઈસમો સિવાય બીજા કોને લાગુ પડે છે ? આ પ્રત્યક્ષ પુરાવો કેમ નહિ ? ચાલો બધી વાતને જવા દઈએ, તોય ધારિયાં અને કપડાં આ જ આરોપીઓએ પોલીસ, શ્રી મહારાજ અને પંચ સમક્ષ, ઓળખાવ્યાં. એટલો આધાર જ બસ નથી ?

કોર્ટમાં માત્ર અવળી દલીલબાજીથી પૈસા ખાતર ગુનેગારોને નિર્દોષ બનાવનારા વકીલોએ અને ન્યાય અને સત્યના આત્માને બદલે અવળી દલીલબાજીથી કહેવાતા કાયદાને મહત્ત્વ આપનારા ન્યાયાધીશોએ પોતાની ગંભીર જવાબદારી અને સમાજના પ્રત્યાઘાતોનો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવો જોઈએ. અહીં આટલો નિર્દેશ બસ થશે.

સરકાર, પ્રજા, તટસ્થ વકીલો, જૂરી વગેરે આ અંગે અને હવે પછીના આવા કેસોમાં શું કરવું તે આટલા ઉપરથી સમજી લેશે એવી આશા રાખું છું.

વિશ્વવાત્સલ્ય : ૧-૧-૧૯૫૧ **'સંતબાલ'**

❀ ❀ ❀

# ૪ કાળુ પટેલ ખૂનકેસ

ધોળીના વતની અને કોંગ્રેસ કાર્યકર શ્રી કાળુ પટેલનું ગૂંદી મુકામે ખૂન થયું અને અમદાવાદની સેશન કોર્ટની શાખામાં તેમનો કેસ ચાલ્યો. પરિણામ જાહેર થયા પછી અખબારી પરિષદ સમક્ષ મેં જે મંતવ્યો જાહેર કર્યા એ પરત્વે પત્રકારો, વકીલો, પંડિતોથી માંડીને નાનાં નાનાં નિર્દોષ બાળકો લગી અમદાવાદનાં અને બહારનાં શહેરી અને ગામડિયાઓએ જે જાહેર ને ખાનગી ચર્ચા ચલાવી, પત્રો લખ્યા તેનો સમગ્રસાર આપી આ કટારોમાં એની નોંધની તક લઉં છું. જે વાચક વર્ગને ખાસ ઉપયોગી થઈ પડશે, તેમ માનું છું.

'એક વયોવૃદ્ધ જાણીતા બૅરિસ્ટરે કહ્યું : "મેં પાંત્રીસ વર્ષ લગી વકીલાતનો

ધંધો કર્યો છે પણ કોર્ટમાં ક્યાંય વાસ્તવિક ન્યાય ન જોયો." એક પત્રકારે પ્રથમ તો એ મતલબનું પોતાનાં છાપામાં જણાવ્યું કે, "મુનિશ્રીએ કોર્ટ અંગે આવું લખીને પોતાના ધર્મની મર્યાદાનો લોપ કર્યો છે." પાછળથી તેમણે રૂબરૂ અભ્યાસ કર્યો અને પછી કહ્યું : "નીતિ એ કાયદાશાસ્ત્રનો પાયો છે; એટલે ન્યાયાધીશે અને બચાવપક્ષના ધારાશાસ્ત્રીએ નીતિ અને કાયદાની વિસંગતિનો ભાસ થાય તેવા શબ્દો કોર્ટમાં ન ઉચ્ચારવા જોઈએ." એક ભાઈએ લખ્યું : "કોર્ટનું આ અપમાન ન કર્યું કહેવાય !" એક પત્રકારે પોતાના પત્રના અગ્રલેખમાં લખ્યું : "આ બનાવ મુનિશ્રી સંતબાલજીએ પોતાના પુણ્યપ્રકોપ સાથે ચર્ચાતો કર્યો છે અને જરાય દિલ કે શબ્દો ચોર્યા વિના પોતાની સમાજહિતૈષી લાગણીને પૂરેપૂરી રીતે વ્યક્ત કરી છે. એમનું આખુંયે કથન ધર્મદૃષ્ટિએ છે. અને મુદ્દો એ જ છે કે જો આપણે શુદ્ધ અને સત્યપ્રિય સમાજરચના તરફ જવા માગતા હોઈએ તો તર્કશક્તિથી સત્ય-પરિણામે ન્યાયને ગૂંચવતી ન્યાયપદ્ધતિ બદલવી જ જોઈશે. નીતિની નજરે બનાવોને તોળવા જોઈએ અને કાયદાની ઓથે સત્યને ઢાંકીને નહિ પણ નીતિ અને સત્યને આધારે કાયદાનો અર્થ કરીને ન્યાય આપવાનું શુદ્ધ વાતાવરણ પેદા કરવું પડશે. આજની અદાલતોની ન્યાયપદ્ધતિ આ દૃષ્ટિએ ખામી ભરેલી જ માત્ર નહિ, પણ સમાજઘાતક બળોને પોષનારી બને તેવી છે; અને સાચા દોષિતોને નિર્દોષ ઠરાવવાના પ્રયત્નો સફળ થાય ત્યારે સમાજને વિનાશના માર્ગે દોરનારી બને છે. આ પરિસ્થિતિનો ગંભીરપણે વિચાર કરવો એ સહુ વિચારવાન નાગરિકોની ફરજ છે. કાયદો, નીતિ અને ન્યાયનો સુમેળ જામે અને વકીલાતનો ધંધો સત્યને અસત્ય ઠેરવવા કે તર્કશક્તિથી (સત્યને) ધુમ્મસમાં ઢાંકવા નહિ; પરંતુ સમાજને નીતિમાન, ધર્મ (દૃષ્ટિથી) ભીરુ, અને સત્યપ્રિય બનાવવામાં સહાયરૂપ થવામાં મદદ થાય એવી રીતે જ સાચા નિર્દોષોને બચાવવા માટે ચાલે એમ કરવું હિતાવહ છે. સમાજધુરીણો માટે તેમ જ સમાજ માટે આ બહુ વિચારણીય પ્રશ્ન છે. અને તે કોઈ સંજોગોના આવેશમાં તણાયા વિના શુદ્ધ ન્યાય અને ધર્મદૃષ્ટિએ વિચારી તેને વિષે ચોક્કસ પગલાં લેવાની જરૂર છે.

મેં પોતે તો આ પહેલાં આ પાક્ષિકમાં અને બીજે જાહેરમાં આ વિષે ઘણું કહી દીધું છે. ઘણાં રાત્રિ દિવસો મહામંથનમાં ગાળ્યાં છે. જે અદાલતોને સરકારની ઉપરવટનું સ્થાન પ્રજાપ્રતિનિધિસભાએ આપ્યું છે; તે અદાલતનાં અંગોનાં પાવિત્ર્ય માટે હું સતત ચિંતાતુર રહું છું. ન્યાયની અદાલતોમાં મૂડીવાદની અને અનિષ્ટોની છડેચોક ચાલી રહેલી પ્રતિષ્ઠા જોઈને મારું અંતર વલોવાઈ ઊઠ્યું છે. જે કેસમાં મારું સાક્ષીપણું હોય કે પ્રાદેશિક સંબંધ હોય, તે અંગે મારે ઉગ્ર પગલાં લેતાં પહેલાં એ કારણેય સંકોચાવું પડે છે. આજની અદાલતો અને વકીલો પરત્વેનાં મારાં વાક્યો

પરથી કોર્ટ જો કોઈ પણ સજાનું પગલું મારા ઉપર ભરે તો એવા સુભગ અવસરને હું આવકારી લેવા ઈચ્છું છું. ન્યાયાલયનાં અંગોમાં મહાબલિદાનો વિના કોઈ ધરમૂળથી ફેરફાર થાય એવી આશા આજે તો દેખાતી નથી. કાયદાની અપૂર્ણતા કરતાંય કોર્ટોમાં વકીલો પર કોઈ જ નૈતિક બંધન સામાજિક કે કાયદેસરનું નથી એ મને વધુમાં વધુ સાલે છે. ગામડાંઓની પંચાયતો ફોજદારી, દીવાની દાવાઓ પતવે, તેવી સશક્ત થતાં હજુ વાર લાગશે અને ત્યાં લગી આ કોર્ટો આજના જેવી સ્થિતિમાં ચાલુ રહેશે; તો જે સમાજનાશનો ભય છે, તે મને ખૂબ અકળાવી મૂકે છે; એટલું કહીને અહીં તો અટકીશ.

વિશ્વવાત્સલ્ય : તા. ૧૬-૧-૧૯૫૧ **'સંતબાલ'**

❀ ❀ ❀

# ૫ પ્રશ્નોત્તરી

પ્ર. (૧) કાળુ પટેલનું ખૂન કે એવા પ્રસંગો કેટલાંકને માટે કોયડો બની જાય છે. કોણ મર્યું ? કોણે માર્યું ? નરી આંખે ભેદ છે. એક બીજી પણ દૃષ્ટિ છે. જે આ બધાને ભ્રમ બતાવે છે. આપણે આ બેમાંથી કઈ ગ્રહણ કરવી જોઈએ ?

ઉ. (૧) ગીતામાં શરીર દૃષ્ટિને સાવ ખોટી ઠરાવતો અને નિત્ય આત્માને જ સાચી દૃષ્ટિ આપતો શ્લોક આવે છે, તે દૃષ્ટિએ મરનાર અને મારનાર બન્નેમાં જુદાપણું નથી. વળી આત્મા નથી મારતો કે નથી મરતો એ દૃષ્ટિએ આવું બધું ભ્રમરૂપ બને છે. જ્યારે બીજી દૃષ્ટિએ શરીરની સાથે મુખ્ય સંબંધ ધરાવનારાં જનોને-પોતાનો એ સંબંધી જતાં બધું જ ગયું હોય તેમ લાગે છે; અને આથી આવે સ્થળે મરનારનું દુઃખ અને મારનાર પ્રત્યે દ્વેષ ભભૂકી ઊઠે છે. જૈન સૂત્રોમાં એક ઠેકાણે એવું આવે છે કે મારનારો તો મરનારની પહેલાં પોતે મરી જાય છે પછી જ બીજાને મારી શકે છે. વળી એમ પણ કહે છે કે તે એને પૂર્વજન્મમાં આ રીતે માર્યો હશે, માટે એણે બદલો લીધો હશે. આપણે તો આ બધી દૃષ્ટિઓને છણીની આવા દુઃખદ પ્રસંગોમાં ઊંડા ઊતરીને સત્વ તારવવું જોઈએ. દેખાતાં સ્થૂળ કારણો પાછળ જ સૂક્ષ્મ કારણો હોય છે. તેમનો બધી બાજુથી વિચાર કરી નવસમાજ માટે એનો કાયમી ઉકેલ વિચારવો જોઈએ અને મરનાર અને મારનાર બન્ને પ્રત્યે તટસ્થતા જાળવી કડક ન્યાય જોખીને આપણી જાતથી એ સિદ્ધ કરી આપવું જોઈએ કે અહિંસામાં ન્યાય-નિષ્ઠુરતા અને કરુણાર્દ્રતા બન્ને રહી શકે છે. તેમ જ સત્ય માર્ગમાં આગળ ધપતાં ઊભી થયેલી બધી ભયભૂતાવળો ખોટી પડીને ખરી પડે છે. સાથોસાથ કાયમી સંતોષ અને શાન્તિની ચાવી પણ હાથમાં આવી જાય છે.

વિશ્વવાત્સલ્ય : તા. ૧૬-૩-૧૯૫૦

## ખંડ બીજો

# ૧. શ્રી મોરારજીભાઈ દેસાઈને પત્ર

અરણેજ (તા. ધોળકા),
તા. ૨૮-૨-૫૦

પ્રિય આત્મબંધુ મોરારજીભાઈ,

આ પત્ર વિશેષ એકાંતમાં રહ્યા અરણેજથી લખું છું. ઘણા વખતથી છેલ્લાં એમ થયા કરતું હતું કે કાર્ય વિસ્તરતું જાય છે અને મારી શક્તિ અલ્પતાને કારણે જે ધર્મયુક્તતાની વાતાવરણમાં હું અપેક્ષા રાખું છું તે જોવાતું નથી. કંઈક તપ કરવું જોઈએ. એ દૃષ્ટિએ કેટલાંક ભાઈ-બેનો (કાર્યકરો) સાથે ચર્ચા કર્યા બાદ આમ પંદર-સોળ દહાડા વિતાવી રહ્યો છું. શરીરને પણ એથી આરામ તો મળશે જ. મારી સેવામાં થોડાં ભાઈ-બેનો પાસે રહ્યાં છે. અરણેજનો બંગલો વિશાળ હોઈ સગવડ સારી છે. એકાંતરે થોડો તાવ હમણાંથી આવી જાય છે, પણ આજે વારા જેવું હોવા છતાં નથી આવ્યો એટલે હવે નહીં આવે એમ માનું છું.

આ પત્ર ખાસ તો એ સારુ લખી રહ્યો છું કે મારા અહીં આવવાના આગલે જ દિવસે એક અમ સૌને આઘાતકારી બનાવ બની ગયો. ધોળી (સૌરાષ્ટ્ર)ના કાળુ પટેલ જે છેલ્લાં ઘણાં વર્ષોથી મારા પ્રયોગકાર્યના અંગ બન્યે જતા હતા તેનું કરપીણ ખૂન થયું.પહેલી મિટિંગ પૂરી થયે તેઓ સ્ટેશન જવા નીકળ્યા ત્યાં લગભગ પોણાત્રણના અરસામાં ઘા પડ્યા. લગભગ ત્રણ વાગે ભાઈ-બેનો અને હું પહોંચ્યા ચોમેર દોડાદોડી થઈ રહી. ખોપરી તૂટી ગઈ હતી. બચે તેવું નહોતું, એટલે પ્રયત્ન છતાં શાન્તિધૂન વચ્ચે તેમણે ચાર વાગે અમ સૌ વચ્ચે દેહ છોડ્યો. મિટિંગો હતી એટલે પરીક્ષિતભાઈ, કુરેશીભાઈ, અર્જુનલાલા વગેરે ઘણા હતા. પોલીસ આવી. શકમંદોને પકડ્યા, બીજે દિવસે પોલીસ મારી પાસે આવી. રવિશંકર મહારાજ તે દહાડે જોગાનુજોગ આવેલા. અમો બન્ને ગયા ગામમાં. ગૂંદી ગામ લોકોના આગેવાનોને બોલાવ્યા. ધોળે દહાડે મહાદેવ અને સ્ટેશન વચ્ચે આમ ખૂન થાય અને ખૂની ન મળે તે કેવું ? ગામ આગેવાનોએ પ્રયત્ન કર્યો. પછી અમને બન્નેને બોલાવ્યા. પોલીસોની આ પ્રયત્નમાં સંમતિ હતી. ગુનેગારોએ ગુનો અમારી સમક્ષ કબૂલ કર્યો. "આખી કોમનું નાક ગયું." એમ મેં ઠપકો પણ આપ્યો. પણ હવે શું થાય ? પછી ધારિયા વગેરે મુદ્દામાલ પોલીસ હવાલે થયાં. એમ મેં પાછળથી જાણ્યું. હું અમારી પાસેની કબૂલાત પછી આ બાજુ આવવા નીકળી ગયો. રવિશંકર મહારાજ તે રાત્રે ત્યાં જ રહ્યા હતા. બીજે દિવસે આ સંબંધે નવલભાઈ લેખ લખીને લાવેલા મેં છાપવામાં સંમતિ દર્શાવેલી. નવલભાઈ કબૂલાત વખતે સાથે જ હતા. મતલબ

કે ફરી ગયા છે. હવે આપે (સંતબાલ) અને રવિશંકર મહારાજે-અમોને મદદ કરવી જ પડશે. હું વણ માગ્યે આમાં મદદ કરવામાં ધર્મ માનું છું કારણ કે જેમનું ખૂન થયું છે તે મારા પ્રયોગનો એક થાંભલો હતો. જેમણે (ખૂન) કર્યું તે એ કોમના છે. અને મારી પાસે અવારનવાર આવતા. તે દહાડે પણ કાળુ પટેલ સામે ફરિયાદ લઈને આવેલા હતા. મારું પ્રયોગક્ષેત્ર અને તેમાંય ગૂંદી સર્વોદય યોજના કેન્દ્રનું છાત્રાલય તેની પાસેજ ધોળે દહાડે બનેલો આ કિસ્સો છે. મારનાર રેંજીપેંજી માણસો છે. શંકા થઈ આવે છે કે બિચારા કોના હાથા બન્યા હશે ? પોલીસ આ બાબતમાં સાવધાન જણાય છે. છતાં કોઈ ફોજદારને સત્ય અહિંસા વગેરે જાળવવામાં મારી મદદ જોઈએ એટલે વધુ સાવધાન રહેવા મેં સૂચવ્યું છે. મારું નિવેદન લેવા ૯-૩-૫૦ના તેઓ મારા સમૌન વખતે આવશે. મહારાજને રાધનપુર ભણી કાગળ લખશે અને કદાચ મળી પણ આવે ! ધોળી (સૌરાષ્ટ્ર)માં પણ તે જઈ આવ્યા છે. બે ગુનેગારો પરહેજગાર છે. ક્યાં રખાયા છે તે મને ખ્યાલમાં નથી.

મારે આમાં અહિંસા અને સત્ય બંનેને સાચવીને મારી જાતનું કામ લેવાનું છે. હું ટ્રેનમાં બેસતો નથી એટલે મારાં નિવેદનો માટે અવારનવાર પોલીસ મેજિસ્ટ્રેટ્સ વગેરેને મારી પાસે આવવું પડશે. આ મુશ્કેલીમાં તે બધાંને મૂકતા સંકોચ થાય છે. પણ છૂટકો નથી. એમ માની સમાધાન લઉં છું.

ગુનેગારો મારી અને મહારાજની આગળ દિલને સાવ મોકળું મેલી દેશે એવી મને શ્રદ્ધા છે. ગુનેગારોએ કબૂલાત કરી ત્યારે સાફ કહેવાયું છે કે શિક્ષાની અલ્પતાની કે માફીની લાલચ ઊભી કરવા નથી માગતો. પરંતુ જો જાહેર એકરાર કરશો તો સત્ય તમોને તારશે. આથી (૧) ગામના બીજા નિર્દોષોની રંજાડ નહીં થાય (૨) મારનારના સગાંઓના આવતા પ્રત્યાઘાતોથી વૈર નહિ વધે અને (૩) તમો કોર્ટમાં સાચું જ કહેશો એટલે ન્યાયાધીશની કલમ સહેજે તમોને ઓછી શિક્ષા તરફ જશે.

આ ત્રણ ચોખવટ પછી ગુનેગારોએ ગુનાનો ઈન્કાર પબ્લિક પ્રોસીક્યુટર આગળ કેમ કર્યો હશે તે મને સમજાતું નથી. હું ઢેબરભાઈ તથા રસિકભાઈને પણ પત્ર લખવા ઈચ્છું છું. હાલ આપને આટલું જ. સહકુટુંબ કુશળ હશો.

કાળુ પટેલ બહાદુર, ખડતલ, અને એક્કો પુરુષ હતો. કોંગ્રેસને એણે ભારે મદદ કરી હતી. અને તાલુકદારો સામેની ખેડૂત લડતમાં વર્ષો પહેલાંની ગુલામી વખતે તે ઝઝૂમી વિજય મેળવનાર નરવીર હતો. તે જતાં એ પ્રદેશની આખી ખેડૂત આલમને આઘાત લાગશે. એ કોમનો ઝળહળતો સિતારો ગયો. અને મારા પ્રયોગનો એક થાંભલો પણ ગયો.

**'સંતબાલ'**

## ૨. શ્રી રસિકભાઈ પરીખને પત્ર

કસ્ટમ બંગલો, ગૂંદી,
તા. ૧૧-૩-૧૯૫૦

પ્રિય આત્મબંધુ રસિકભાઈ,

હવે કાળુ પટેલના ખૂન અંગે.

આ બે જણ (ખૂની)ની પાછળ કોઈનો હાથ ન હોય તે માનતાં મન અચકાય છે. એટલે આ બાબતમાં ત્યાં અને અહીં બહુજ કાળજીપૂર્વક ઝીણવટથી તપાસ થાય એ જરૂરી છે. એમ તો મને લાગે છે. આ અંગે હું પ્રિય મોરારજીભાઈને લખું એ (બધી રીતે જોતાં) હાલ ગળે ન ઊતર્યું એટલે એ બધું બન્ને સરકારો અને બન્ને સરકારોની પોલીસ સ્વયંસૂઝ પ્રમાણે કરે તે જ વધુ યોગ્ય ગણાશે. તમો જે સ્થાન ઉપર છો અને આ બાજુ પ્રિય મોરારજીભાઈ જે સ્થાન ઉપર છે. તે જોતાં તમારા બન્નેની ફરજ તમને પોતાને સૂઝવી જોઈએ. અને તમોને યોગ્ય લાગે તો તમો સીધું પણ મોરારજીભાઈને લખી શકો છો. મારે પોતાને તો તમો જાણો છો કે એક સ્વતંત્ર દૃષ્ટિની વાત છે. હું ઝીણવટથી તપાસ કરવા ઈચ્છું, પણ એનો ન્યાય આપવાની વાત કે શિક્ષા કંઈ જાતની કરવાની તે વાત મારા હાથમાં નહિ રહેવાથી પોલીસના કામમાં મારી દૃષ્ટિ જાળવી પૂરતી નૈતિક મદદ કરવાનું જ મારા જેવાને ફાળે આવે છે.

ખૂનીઓ મારી, શ્રી મહારાજ તથા પંચોની રૂબરૂ કબૂલ કર્યા પછી ફર્યા છે. તે વસ્તુ મને બહુ અચંબો ઉપજાવે છે. અને હવે પોલીસને પોતાનું કામ પોતાની રીતે પુનઃતપાસી આગળ ચલાવવાનું સૂચવે છે. મેં મારું નિવેદન પોલીસને સંપૂર્ણ આપી દીધું છે. શ્રી રવિશંકર મહારાજ પણ આપશે. વિ.વા.માં આ કિસ્સો કબૂલાતની વાત વગેરે આવેલ છે. તે વાંચ્યો હશે. દાર્શનિક પુરાવામાં મુખ્ય તો શ્રી રાણાભાઈ હરિજન છે. તેને મેં ઠીકઠીક કહેલું. પણ તમો હરિભાઈ (રાણાભાઈના પુત્ર)ને બોલાવી આખી વાત યથાર્થ રીતે પોલીસને કહે અને એમ નહીં તો કોર્ટમાં કહે. તેવું સૂચવશો. હું એ દિશામાં નૈતિક રીતે તો પ્રયત્ન કરવા ઈચ્છું જ છું.

બાકી હું તા. ૧૩ના બળોલ, તા. ૧૪ હડાળા થઈ તા. ૧૫મીએ ધોળી જવા ઈચ્છું છું. ધોળીમાં (કોઠ ફોજદાર) કદાચ આવશે. ત્યાં તે વખતે ત્યાંની પોલીસને મોકલવી હોય કે આપને જાતે આવવાની જરૂર લાગે તો તેમ કરશો.

**'સંતબાલ'**

## ૩. શ્રી રસિકલાલ પરીખને પત્ર

ફતેહપુર,
તા. ૧૮-૩-૧૯૫૦

પ્રિય આત્મબંધુ રસિકભાઈ,

આજ લખેલા પત્રમાં કાળુપટેલ ખૂનકેસ અંગે પણ લખાયું છે. છતાં ફરી લખવા જેવું લાગવાથી લખું છું. ધોળી વાળા ભાઈઓને ગૂંદીના ફૂલજી ઉપર ખાસ વહેમ છે. અને બેને ખૂનીઓ સાથે એને (ફૂલજીને) બેસ ઊઠ તથા લેવડદેવડનો સંબંધ હોવાથી ફૂલજી આમાં બિલકુલ અજ્ઞાન હોય તેમ માનવા મન ના પાડે છે.

બીજી બાજુ જિલ્લાની પોલીસમાં જે કાળજી અંગે ઝડપ દેખાવાં જોઈએ તે દેખાતી નથી. ધોળીવાળા કાળુપટેલની સ્નેહીઓએ શકદારોના નામો જિલ્લા પોલીસને લખાવેલાં તેમાં ફૂલજીનું નામ ઊડી ગયાની એ લોકોને શંકા જાય છે. અને જિલ્લા પોલીસને કાળુપટેલના સંબંધીઓ પૂછે છે, ત્યારે ખળખળીને જવાબ મળતો નથી. આ બધુ શંકાને મજબૂત કરે છે. ધોળીવાળાનું કહેવું એમ થાય છે કે ફૂલજી છૂટો રહે ત્યાં લગી બીજાઓ મળવામાં આનાકાની થવાની. ફૂલજીના સસરા ધોળીમાં રહે છે. એમને સૌરાષ્ટ્રની પોલીસે પૂછપરછ કરવાનું જાણવા મળે છે. સૌરાષ્ટ્રની પોલીસ પણ આ ખૂન પાછળના બીજા બળોને શોધી શકે કે કેમ તે સવાલ છે. સૌરાષ્ટ્રની પોલીસમાં ગિરાસિયા વર્ગ વધુ છે. એટલે મારો પોતાનો મત એ થાય છે કે તમો અને મોરારજીભાઈ મળીને કાં તો આની તપાસ માટે એક ખાસ વિશ્વાસપાત્ર અમલદાર નીમો અથવા પુનાના સી.આઈ.ડી. ખાતાને આ કેસ અંગે તપાસ કરવા કહો. બાકી સહેજ પણ ગફલત થઈ અને દહાડા જેમ જેમ લંબાયા તેમ તેમ શોધનું કામ મુશ્કેલ થઈ જવાનું.

**'સંતબાલ'**

તા.ક. : એક ખેડૂત કૉંગ્રેસી કાર્યકરનું આ જાતનું ખૂન તપાસ રહિત રહે એ સરકારો માટે શૌભાસ્પદ ન ગણાય અને સમાજ માટે પણ ખતરનાક ગણાશે.

## ૪. શ્રી મોરારજીભાઈ દેસાઈને પત્ર

ફતેહપુર,
તા. ૧૮-૩-૧૯૫૦

પ્રિય આત્મબંધુ મોરારજીભાઈ,

કાળુ પટેલના ખૂન કેસની તપાસ અંગે સૌરાષ્ટ્ર સરકારને અને ખાસ કરીને રસિકભાઈને જે ચાનક છે તે ચાનક મુંબઈ સરકારને પણ હોય એ ઈચ્છનીય ગણાશે. જે કોઠ ફોજદાર ખૂન વખતે હતા તેની બદલી ધોળકા થઈ છે. અને કોઠ થાણામાં જે ફોજદાર આવેલ છે તે નવા અને તદ્દન નાની ઉંમરના છે. શરૂઆતમાં પોલીસ ખાતામાં જે ગરમી હતી, તે આજે નથી, એવી છાપ ઊઠે છે. ખૂનીઓ પાછળથી ફરી ગયાની મને મૌનમાં જ પોલીસે ખબર આપેલી, અને મારી તથા મહારાજની મદદ માગેલી. મેં નિવેદન તાજુંજ ગૂંદી મુકામે આપ્યું છે. અને શ્રી મહારાજે પણ પોતાની રૂબરૂ ખૂનીઓએ કરેલી કબૂલાતનું નિવેદન આપ્યું છે. ખૂનીઓ સત્યને વળગી રહ્યા હોત તો કેસની જે પરિસ્થિતિ અને અમારો ધર્મ ઊભો થાય, તે કરતાં તે ફર્યા એટલે ફેરફાર થયો છે. પોલીસને સત્ય ન્યાય વગેરે જાળવી અહિંસાની મર્યાદામાં મદદ કરવા હું મારી રીતે તૈયાર રહેવા ઈચ્છું છું. સરકાર્ ને પોલીસની મર્યાદાઓ તેઓ વિચારશે.

આ કેસ મહત્ત્વનો એ દૃષ્ટિએ ગણાય કે આની પાછળ રીતસરનું કાવતરું કે મોટો હાથ હોય એવી છાપ ઊઠે છે. આ માણસ સૌરાષ્ટ્ર સરકારને અને ખેડૂત જનતાને માટેય કેટલો મહત્ત્વનો હતો તે પ્રિય રસિકભાઈના નીચેના શબ્દોથી જણાશે :

*"કાળુ પટેલની ખોટ લીંબડી તાલુકાના બધા કાર્યકરોને લાગવાની. ૧૯૩૮ની સાલથી હું એમને ઓળખતો અને મને એ વર્ષે ધોળીમાં લઈ ગયેલા ત્યારથી ધોળી અને ધોળીના બળે આસપાસના ખેડૂતોને એમણે એકલહ્ના બનાવેલા. અત્યારના આકરા સમયમાં એમની ગેરહાજરી ખૂબ ખૂંચવાની.*

*આખા વિસ્તારમાં એ માણસની હૂંફે તાલુકદારી ખેડૂતો ઊભા રહેતા હતા. અને કૉંગ્રેસમાં જે શ્રદ્ધા ઊભી થઈ હતી તે પણ એમને કારણે."*

આવું વિચારી આપ બંનેને (આપને અને રસિકભાઈને) જો આ અંગે પોલીસને વધુ કાળજીપૂર્વક તપાસનું અથવા આની જ ખાતર સ્વતંત્ર અમલદાર રોકવાનું જરૂરી લાગે તો સ્વતંત્ર રીતે વિચારી શકો છો.

સહકુટુંબ કુશળ હશો. મારી તબિયત સારી છે. હમણાં ધોલેરા ભણી જાઉં છું એ બાજુ માસ સવા માસ થવા વક્કી છે.

**'સંતબાલ'**

# ૫. શ્રી રસિકભાઈ પરીખને પત્ર

અઢેળાબ,
તા. ૨૯-૩-૧૯૫૦

પ્રિય આત્મબંધુ રસિકભાઈ,

કાળુ પટેલ ખૂન કેસ અંગે શ્રી અર્જુન લાલાનો પત્ર હતો. એમની સૂચના મુજબ લાગતાવળગતા પોલીસ અધિકારીઓનું ધ્યાન ખેચ્યું છે, તેમ જણાવતા હતા. પ્રિય મોરારજીભાઈ તાજા પત્રમાં જણાવે છે : "કાળુ પટેલના ખૂનની તપાસ બાબતમાં પોલીસ જરૂરી કાળજી રાખશે જ. તમે જે વલણ લીધી છે તે યોગ્ય જ છે. ત્યાંના ડી.એસ.પી.ને હું અહીંથી સૂચના કરું છું." તમોને મારી મર્યાદામાં રહી મેં આ પહેલા સારી પેઠે ધ્યાન ખેંચવા પ્રયત્ન કર્યો છે. શ્રી નંદલાલભાઈ ધોળીમાં રૂબરૂ મળ્યા. અને વાત થઈ તે તેમણે આપને જણાવી હશે. અને ધોળીમાંના કાળુભાઈના પુત્ર વગેરેના પ્રત્યાઘાતો પણ કહ્યા હશે. ધોલેરાના હરિજન રાણાભાઈની પ્રથમ પોલીસને લખાવેલી જુબાની પછી, બીજું ઉલ્લેખપાત્ર વિશેષ નથી, જે અંગે એમના પુત્ર શ્રી હરિભાઈ સાથે મારા લખી આપેલ પત્રથી જાણ્યું હશે. કાળુ પટેલના સંબંધીજનો પૈકીના એક આજે મળ્યા હતા. તેઓએ એક અગત્યનો મુદ્દો હાથ લાગવાની આગાહી કરી છે. સાચું શું તે ઈશ્વર જાણે ! મને લાગે છે કે આપનો અત્યંત વિશ્વાસપાત્ર સ્તંભ પણ કે જેને કોઈ કોમની નહિ પણ ન્યાયની પ્રીતિ હોય અને લાંચમાં ન ફસાય તેવો હોય. બળોલના ગગુભાઈ ગઢવી પાસેથી જો વધુ માહિતી મળે તો મેળવો. તેમ જ ધોળી, ગૂંદી, ભુરખી વગેરે સ્થળેથી વિગતો મેળવવા કાળજીપૂર્વક પ્રયત્ન કરે. અને શકદાર સ્થળોએ ઝીણવટભરી ચોકી કોર્ટમાં કરે. એજ રીતે શ્રી મોરારજીભાઈ પણ એક એવા સુયોગ્ય અમલદારને આ કારણે રોકે તો આખી કડી મેળવવામાં સફળ થાય. તો મને નવાઈ નહિ લાગે. મારો આદર્શ અને સત્યની ચોકસાઈ જોતાં આથી વધુ મદદ મારે માટે અશક્ય ગણાય તે તમો સમજી શકશો. તમોએ બારોબાર શ્રી મોરારજીભાઈને લખવું ઘટે તે જાણ્યું હશે.

કાળુ પટેલના ખૂન પછી એવા સમાન અને પ્રજાના નુકસાનકારક પુનરાવૃત્તિ ન થાય તે અંગે શકપાત્ર સ્થળોએ ઠીકઠીક ચોકી રાખવા સૂચવવાનું મને મન થાય છે અલબત્ત, કોઈને અન્યાય ન થાય, તે તો કાળજીપૂર્વક જોવાવું જ જોઈએ અને મને લાગે છે કે તમો આ બાબતમાં ખૂબ સાવધાન છો એમ સમજું છું.

**'સંતબાલ'**

## ૬. શ્રી અર્જુનલાલાને પત્ર

તા. ૧૯-૪-૧૯૫૦

પ્રિય અર્જુનલાલા,

કાળુ પટેલ ખૂન કેસ અંગે મેં અવારનવાર આપને લખ્યા કર્યું છે. છેલ્લે છેલ્લે મેં પોપટલાલ જે મતબલનું લખે છે તે પરથી લાગેલ છે કે વળી પાછું પોલીસખાતું ઢીલું પડ્યું લાગે છે. ખૂનના સમયમાં જે ફોજદાર વ્યાસ કરીને હતા તેમની બદલી ધોળકા ખાતે થઈ છે. અને જે નવા ફોજદાર કોઠ થાણામાં આવેલ છે એ ભાઈની ઉંમર અને અનુભવ કાચાં જણાય છે. ઉપરાંત કોણ જાણે શાથી, પરંતુ એક મજબૂત ખેડૂત આગેવાનનું આમ ધોળે દહાડે જે સંયોગો વચ્ચે ખૂન થયું છે, તેની ગંભીરતાનો ખ્યાલ જેવો જોઈએ તેવો ઊભો થયેલ જણાતો નથી. આ કિસ્સાની પાછળ કયા બળોએ કામ કર્યું છે, તે વિચારે હું ઠીક ઠીક ઘેરાયેલો રહ્યા કરું છું.

પ્રજા ઘડતરમાં આવા પ્રસંગમાંથી ઉત્પત્તિ શાથી, સરકારની ફરજ શી, સેવકોની ફરજ શી, મારી મર્યાદા અને અહિંસા તથા સચ્ચાઈ ન્યાય વગેરેની તાકાત શી ? એવા અનેક પ્રશ્નો થયા કરે છે. જિલ્લામાં બનાવ બન્યો, સૌરાષ્ટ્રનો વતની, કેટલાક પુરાવાઓ સૌરાષ્ટ્રમાંથી મેળવવાના, કેટલાક જિલ્લામાંથી દિવસો પર દિવસો વિતતા જાય છે. અને પુરાવાઓની શક્યતા ઓછી થતી જાય છે. જે ગુંદીના બંદૂક લાઈસન્સધારી વિષે કાળુ પટેલના સંબંધીઓને પારાવાર શંકા છે. જેની બંદૂક હજુ એમ જ છે. અને એ ભાઈનું નામ અટકમાં રખાયેલા તરીકે કે કાળુ પટેલના પુત્રોએ આપેલ, તે પણ પોલીસ નોંધમાં નથી. એમ જાણવા મળ્યું છે. આ બધા પરથી એમ લાગે છે કે સી.આઈ.ડી. ખાતાને જ આ કેસ સરકારે મોકલવો. એવી આ કેસની મહત્તા હું માનું છું. મારે મને ખેડૂતોત્થાનમાં આવા એમાંના જ કાર્યકરનું આ જાતનું ખૂન - અને આ સ્થિતિમાં થયેલું ખૂન વધુ ગંભીરતા પણ... સંભવ છે. મારા માનેલા સત્ય, અહિંસા, અભય, ન્યાય વગેરેની કસોટી થઈ રહી હોય ! ખૂનીઓ પણ એ જ કોમના અને આપણા કાર્યક્ષેત્રના પ્રદેશના કુદરતની અકળલીલા છે. તમોએ તો આ કરપીણ ખૂનવાળી લાશ નજરે જોઈ છે એટલે વધુ શું લખું ?....

**'સંતબાલ'**

## ૭. શ્રી રવિશંકર મહારાજને પત્ર

સેલા,
તા. ૧૪-૪-૧૯૫૦

પ્રિય મહારાજશ્રી,

કાળુ પટેલના ખૂન પાછળ જે આશંકાઓ જાય છે તેમાં તાલુકદાર ભાઈઓ આડકતરી રીતે હશે કે કેમ ? એમ થયા જ કરે છે. મેં તેઓને મારી રીતે ખેડૂતમંડળમાં ઓતપ્રોત થવા અપીલ ઠીકઠીક કરી છે. જોઈએ પરિણામ શું આવે છે ? પોલીસમાં પ્રથમ કરતાં કંઈક ગરમી આવી જણાય છે પણ મોડું ઠીક ઠીક થઈ ગયું. ખેર, આ ખૂન પાછળ કાળુ પટેલના પુત્ર વગેરેને ફૂલજી (જેને પોલીસ કહે છે કે રવિશંકર મહારાજે ખાસ કહ્યું એટલે છોડ્યો તે) ઉપર મોટા હાથનો વહેમ જાય છે. પોલીસ મારા નિવેદનના શબ્દોની સ્પષ્ટતા માટે આવી ગઈ અને તે લઈ ગઈ. જેમાં ચતુર સંધાએ મારા પૂછવાથી ઓરડીમાં કહેલું કે, મને લાકડી મારી, હું પડી ગયો અને ભીખાએ પ્રથમ ધારિયું માર્યું, પછી મેં, એમ બંનેએ મળીને માર્યા, એ જાતનું વધુ ચોખવટ કરતું લખ્યું છે. આપને તે પ્રસંગની વાત બરાબર યાદ હશે. આ લખાણ વખતે મંથન ખૂબ થયેલું ત્યારના શબ્દે શબ્દ તો કેમ આવે ? આ લખાણમાં ક્યાંય ભૂલ તો - મારી - નથી થઈને ?

મને એક વિચાર એ આવે છે કે આપણે બંને ફરીથી ખૂનીઓને મળીએ તો વધુ વિગત જાણવા ન મળે ? જો કે તક ચાલી ગઈ, એમ જણાય છે. પોલીસ અને બીજાઓ હજુ વધુ માહિતી માટે પ્રયત્ન કરે છે. મને કાળુ પટેલના આ બનાવ પાછળ કોઈ ખાસ કાવતરું એક ખેડૂત આગેવાન તરીકે હોય તો એની ગંભીરતા જોઈને વધુ વિચાર આવ્યા કરતા હોય છે. બાકી તો છેવટે સત્યની શ્રદ્ધા ગમે ત્યાંથી પણ સત્યને તારવી આપે જ છે. આજ સુધીના પોલીસ અનુભવો જોતાં આથી વિશેષ ઊંડા ઊતરવા જતાં સત્ય, અહિંસા, ન્યાય વગેરેની દૃષ્ટિએ વિચારવું પડે છે.

**'સંતબાલ'**

## ૮. શ્રી અર્જુનલાલાને પત્ર

પચ્છમ (તા. ધંધૂકા),
તા. ૨૭-૪-૧૯૫૦

પ્રિય અર્જુનલાલા,

તમોએ તા. ૨૫-૪-૫૦નો પત્ર લખ્યો તે મળ્યો. મેં પણ ડૉક્ટર પોપટલાલને આજે તમારા પત્રનો સાર લખી મોકલ્યો છે. અને તેઓ તા. ૨૯-૪-૫૦ના રોજ

આવે અને કાળુ પટેલ ખૂન કેસ અંગે ડી.એસ.પી.ને રૂબરૂ સમજાવે. હવે હું મારા મંથન અને વ્યથાનો કંઈક ખ્યાલ આપું. કાળુ પટેલ એટલે ખેડૂત-પ્રવૃત્તિઓનો ધોરી બળદ. આ રીતે એ જતાં ખેડૂતોમાં જે પ્રત્યાઘાતો પડ્યા છે અને પડશે તેનો એકબાજુથી મને અભ્યાસ થતો જાય છે. બીજી બાજુ ગિરાસિયા તાલુકદાર કોમના નાનાથી માંડીને મોટા અગ્રેસર લગી જે વાતાવરણ જોઉં છું અને મારી શંકાઓ વધતી જાય છે. વિશ્વવાત્સલ્યનું ધ્યેય, અગુપ્તતા, સત્યનિષ્ઠા, ધર્મમય સમાજરચના આ બધામાં સૌના દિલમાં સ્થાનની જ વાત આવે છે. જ્યારે શંકાનાં કારણો પ્રબળ થતાં જાય છે. અને રૂબરૂ બોલાવીને સૌને કહું ? શું કરું ? એમ થઈ જાય છે. અંતે તો નિસર્ગમૈયા રસ્તો બતાવશે જ. બંને સરકારો - જિલ્લાની અને સૌરાષ્ટ્રની સરકારોએ પોતે શું કરવું, એ વિષે મેં મારા સ્વભાવથી જરી આગળ જઈને પણ કહ્યું જ છે. આ વિશે હાલ આટલું.

**'સંતબાલ'**

## ૯. શ્રી રસિકભાઈ પરીખને પત્ર

તા. ૨૩-૫-૧૯૫૦

પ્રિય રસિકભાઈ,

હરિભાઈ અહીં આવી ગયા. ગઈ કાલે કોઠમાં આવેલા નવા ફોજદાર પણ આવેલા અને ધોળી, ભુરખી તથા ગૂંદીના પટેલિયાઓ પણ આવેલા. રાણાભાઈ જે વાતો કરે છે. તેમાંની મુખ્ય મુખ્ય બધી વાતો તેમણે પોતાના પોલીસને આપેલા નિવેદનમાં લખાવી છે. એ ગઈકાલે જોયા પછી લાગ્યું છે કે હવે કોઈ વાત એવી નથી કે નવું નિવેદન લખાવવું પડે. રાણાભાઈ ગભરાયેલા અને હજુ એમના મન પર આ પ્રસંગનું દુઃખ ખૂબ રહ્યા કરે છે. પણ તેઓએ જેટલું નિવેદનમાં લખાવ્યું છે તેટલું કોર્ટમાં પણ કહેશે એમ લાગે છે. તેઓ ખૂનીઓને ઓળખી શકતા નથી. પણ ધારિયાં, કપડાં એ ખૂનીઓની ઘડી વગેરે જાણે છે. તેઓ જેટલું જાણતા હોય તેટલું બરાબર કહે, તેમાં હરિભાઈએ પણ રસ લીધો છે. એક રીતે ખૂનીઓને તેઓ ઓળખી શકે, એમ લાગે છે. પણ બીજી રીતે તેઓ કહે છે તેમ રાશવા કે થોડું વધુ દૂર હોય તો તુરત ન પણ ઓળખી શકે. વળી એક રીતે વિચારતાં ગાડી બાળવાની વાત સાંભળે છે, સવાનું નામ સાંભળે છે. કાળુ પટેલની ગાળ સાંભળે છે, તો આ બંનેને તેમણે ખૂન કબૂલ્યું પછી પણ ન ઓળખે, તે અશક્ય જેવું લાગે છે. સત્ય શું તે તો ઈશ્વર જાણે ! પણ રાણાભાઈ જે કંઈ જાણતા હશે તે સાચું કહેશે એવો વિશ્વાસ રાખવો જોઈએ અને જેટલું જાણે છે તેટલું કહેવા તૈયાર છે. તેમ માની સંતોષ લેવો રહ્યો. **'સંતબાલ'**

## ૧૦. શ્રી કિશોરલાલ મશરૂવાળાને પત્ર

શિયાળ,
તા. ૧૫-૬-૧૯૫૦

પ્રિય આત્મબંધુ કિશોરલાલ મશરૂવાળા,

આપના બન્ને પત્રો મળ્યા. પ્રથમ તા. ૪-૬-૫૦નું લખેલ કવર અને પછી તા. ૧-૬-૫૦નું કાર્ડ મળ્યું. શિયાળ આવ્યા બાદ કાર્ડ વાંચવા મળ્યું કારણ કે હું તા. ૧૦ જૂનના રોજ અહીં આવ્યો બન્નેના જવાબો સાથે જ વાળું.

(૧) સૌ પ્રથમ તો આપે "વિશ્વવાત્સલ્ય" ના લખાણો તરફ જે ઝીણવટથી જોયું તે બદલ આભાર, **'અંતરની એક વાત'**માં આપ બહુ સ્પષ્ટ ન સમજ્યા, તેમાં મારી ખામી છે. ભાવના ઉભરાઓને શબ્દમાં સ્પષ્ટ સમજી શકાય તે રીતે વર્ણવવાની મારામાં કેટલીક વાર ખામી હું જોઉં છું. એ પ્રસંગ એ જાતનો છે કે,

ગુનેગારોએ અમારા કને ગુનો કબૂલ્યો તેમાં ખાનગી કબૂલાત નહોતી. એ કબૂલાત જાહેર હતી. પોલીસ આગળ પણ કરવાની હતી અને ગુનેગારોએ તે કરી પણ ખરી. એ ઉપરાંત હિંસ્ર સાધનો અને તે વેળાનાં કપડાં વગેરે પણ તેમણે પંચ અને પોલીસને દાખવ્યાં. એટલે એ અંગત વિશ્વાસની કબૂલાત નહોતી. તેઓને આ ગુનાનું ફળ ભોગવવામાં અમો કોર્ટની વચ્ચે દરમ્યાનગીરી, જોકે તેવી કોઈ જોગવાઈ ન હોય તેમ છતાં એ સ્પષ્ટ કર્યું હતું કે તેવાથી ફેરફાર કરાવીશું એવી લાલચ નહોતી આપી અને સ્પષ્ટ કહ્યું હતું.

કદાચ, પ્રશ્ન થાય કે તો પછી ગુનેગારો આપ જેવાની પાસે કબૂલ કરે તેમાં કારણ કયું ? (ક) ગુનેગારો ગુનાની કબૂલાત ન કરે ત્યાં લગી ગુનેગાર, બીનગુનેગારો બધા સંડોવાય અને નાહક હેરાન થાય (ખ) ગામની ગુનેગારોને શોધી આપવાની ફરજ ગામ ચૂકે અને એને પરિણામે ગામ ઉપર ખૂનના ભોગવનાર અને આવા ખૂન તરફ જોનારી ન્યાયપ્રિય જનતાનો ગ્રામપ્રત્યે ખોફ ઊતરે (ગ) ખૂનનો ભોગ બનનારના સગાંવહાલાઓનો બીનગુનેગારો પ્રત્યે પણ વૈરવિરોધ વધે. ગુનેગારો પ્રત્યે પણ વૈર બેવડાય.

આ અને આવાં કારણો અને અસરોએ કબૂલાતમાં જરૂર કામ કર્યું હશે. પ્રયોગમાં જે કોમને મુખ્યપણે લીધી તે જ કોમના ખૂની અને ખૂનનો ભોગબનનાર હતા.

(૨) જો ખૂનીઓએ માત્ર અંગત વિશ્વાસે કે કોઈ આશાએ કબૂલ કર્યું હોત તો આપ લખો છો તેવો પ્રશ્ન જરૂર ઊભો થાત. મેં "અંતરની એક વાત" માં બાર

વર્ષ પહેલાંનો ઠાકરડાભાઈવાળો પ્રસંગ ટાંક્યો જ છે. તે પરથી જણાશે.

(૩) ખૂનીઓ ખૂન પછી અંતઃકરણપૂર્વક પસ્તાયા હોત અને સત્યને વળગી રહ્યા હોત તોય અમારે સાક્ષી ભરવાની તો રહેત જ, પણ અમારી નૈતિક સહાનુભૂતિઓ તેઓ ખૂબ મેળવી જાય, આમાં તો હિંસા અને જૂઠ બંને થયાં, ખરા પસ્તાવાની વાત પણ દૂર રહી, આવી પરિસ્થિતિમાં ખૂનીઓ તરફે નૈતિક સહાનુભૂતિ આ જાતની અશક્ય થઈ રહે.

(૪) અલબત્ત, સમાજના અધઃપતનની દૃષ્ટિએ જોઈએ તો ખૂનીઓ પ્રત્યે તેમના આવા વર્તન પછી પણ નવાઈ બહુ નહીં લાગે. પરંતુ અહિંસા અને સત્ય બંનેય જોખમાય ત્યાં સત્યપક્ષે વધુ ઝોક આપવો ધર્મ બની રહે છે.

(૫) કોર્ટની શારીરિક શિક્ષામાં આપણને નિષ્ઠા ન હોય અને આજના વકીલોમાં અને કોર્ટની પદ્ધતિમાં પણ પરિવર્તન જરૂરી છે. એ વિશે શંકા નથી. પરંતુ મને પોતાને લાગે છે કે આજની સમાજ મનોદશામાં એ શારીરિક શિક્ષાનો સરાસર ઈન્કાર કરવાની સાથે જ ઈન્કાર કરનારની એક વિશિષ્ટ ફરજ ઊભી થાય છે.

(૬) માણસ જાહેરમાં ગુનો કરે, ન એની ગુનાહિતવૃત્તિ પર સમાજ સામનો કરે, ન પોલીસને મદદ કરે, પોલીસ પોતાના બંધારણીય પગલાં લે તેમાં પણ મદદ ન કરે, છતાં ગુનેગારને થતી ગુનાની શિક્ષા બદલ દૂર રહીને શિક્ષા વિરોધ કરવો એમાં મને કોઈ અસરકારક ધર્મની છાપ પડતી નથી. ઊલટ હું તો એમ માનું કે સમાજની કાયરતા દૂર કરવામાં મદદગાર થાય તેવું સિદ્ધાંત જાળવીને કોઈપણ સેવકે કે સાધકે વર્તન કરી બતાવવું એ એનો ધર્મ બની રહે છે.

હા, એ જેમાં મધ્યસ્થ કે સાક્ષી ન હોય ત્યાં સીધેસીધો ભાગ લઈ પોતાના વાત્સલ્યને જોખમમાં ન મૂકે, પણ સાથોસાથ પોતા પર જો ફરજ રૂપે આવી પડે તો માત્ર લાગણીવશ થઈ કઠોર ન્યાયનેય ન ચૂકે.

મારા આ વલણ ઉપર આપ વિચારી જે આપને સૂઝે તે નિઃસંકોચ જણાવજો. આપે જાત અનુભવનો કિસ્સો લખ્યો તેના કરતાં આ પ્રકાર સાવ જુદો છે. તેય આ પરથી આપ જાણી શકશો.

અહીંના કામ અંગે વિશ્વવાત્સલ્ય તથા બીજી રીતે માહિતી મળતી હશે. ભરતીઓટ આવ્યા કરે છે. આજે મારું મુખ્ય ધ્યાન ખેડૂતમંડળ ઉપર વધુ રોકાય છે. કુશળ હશો.

તા.ક. છેલ્લે ફરીને વિનવી લઉં. આપ વિના સંકોચે મારાં લખાણો પ્રત્યે- કાર્ય પ્રત્યે - ધ્યાન ખેંચતા રહેશો.

**'સંતબાલ'**

## ૧૧. શ્રી ચન્દ્રકાન્તભાઈને પત્ર

શિયાળ,
તા. ૧૬-૬-૧૯૫૦

પ્રિય ચન્દ્રકાન્તભાઈ,

મેં સાંભળ્યું છે કે કાળુપટેલ ખૂનકેસમાં કાળુપટેલના કુટુંબીજનોએ આપને મદદનીશ નીમ્યા છે. એટલે આ પત્ર આપને લખું છું. કોર્ટને કે મેજિસ્ટ્રેટને અથવા તહોમતદારના વકીલને કે પબ્લિકપ્રૉસીક્યુટરને પત્ર લખવાનો શિરસ્તો છે કે કેમ તે હું જાણતો નથી, પણ આ પત્ર તમોને લખું છું, અને આ પત્ર ધોળકા રેસીડન્ટને આપ વંચાવશો એવી અપેક્ષા રાખું છું.

જોકે મેં મારી પરિસ્થિતિની ઘણીખરી ચોખવટ મારા સાક્ષી તરીકેના નિવેદનમાં કરી દીધી છે, છતાં અહીં પુનરુચ્ચાર કરીને છોડુંક કહું :

"હું માનું છું કે વકીલનું ખરુંકામ સત્યને મદદ કરવાનું છે. સત્યને ગૂંચવવાનું કે અવગણવાનું કામ હરગીજ નથી. વકીલને જે ઘડીએ એમ લાગે કે મારો અસીલ જૂઠને માર્ગે છે, તે જ ઘડીએ કાં તો એણે એવા અસીલનો કેસ છોડી દેવો જોઈએ અથવા એ અસીલને સત્યને માર્ગે વાળવો જોઈએ. આજે આવું નથી દેખાતું. એટલું જ નહિ પણ વકીલ પોતાના અસીલના જૂઠાણાને જાણતો હોવા છતાં એ કેસ લે છે. કેટલીકવાર અસીલ સારા માર્ગે જતો હોય તો તેને જૂઠને માર્ગે વાળે છે અને સાચને જૂઠું કેમ કરવું અથવા પોતાના અસીલને જૂઠનો કેમ લાભ - જાનમાલના રક્ષણમાં - અપાવવો તે જ શોધે છે.

જો આ જ સ્થિતિ કાયમ રહે તો કોઈપણ ન્યાયાધીશ ગમે તેવો પ્રમાણિક હોય તોય એનો મતિભ્રમ કરાવવામાં આવી સ્થિતિ ફાવી જાય. શાંતાખૂનકેસ વાળા કિસ્સામાં અને આજુ બાજુ બનતા બનાવોમાં વકીલોનું જે વલણ મને દેખાયું છે તે જોતાં મારા મન પર નિરાશાની પ્રગાઢ છાયા પડેલી છે. હું ઇચ્છું છું કે વકીલો સત્યને મદદગાર થાય. પોતાનો અસીલ સત્ય ચૂકતો હોય તો ચૂકવા ન દે. સત્યને માર્ગે જ પોતાની અસરકારક શૈલીમાં મદદ કરે, ન્યાયાધીશને સત્યની વફાદારીમાં પૂરેપૂરી મદદ કરે.

તમે બધા મને જાણો છો કે પ્રસ્તુત ખૂનની બાબતમાં પણ નૈતિક રીતે જોવાની મારી ફરજ ઊભી થઈ હતી. આ ભાલ નળકાંઠા પ્રદેશમાં હું સં. ૧૯૮૫ની સાલથી જે પ્રયોગ કરી રહ્યો છું તેમાં મારી નજીક જ આ દુઃખદ પ્રસંગ યોજીને કુદરતે જે કંઈ ધાર્યું હશે તે સમજાયું નહીં. ખૂની અને ખૂનનો ભોગ બનનાર એક

જ કોમના માણસો અને જે વર્ગને આ પ્રયોગોમાં મેં સૌથી પહેલાં લીધા તે તો તે વર્ગના છે.

આટલી પ્રસ્તાવના પછી હું તા. ૮-૬-૫૦ના રોજ અરણેજમાં થયેલી મારી જુબાની સંબંધમાં વળું છું. મારા સોગંદવિધિ વખતે સત્ય પ્રેમ અને ન્યાયની ત્રિપુટીનો મેં પ્રથમ ઉચ્ચાર કર્યાનું તેઓએ સાંભળ્યું હશે સૌથી પ્રથમ સત્યને મૂકતાં, ભાવમાં સત્ય હોય તોયે શબ્દમાં પણ ક્યાંય ફેરફાર કે ગેરસમજૂતી ન થાય તે જોવાનું કામ ભારે કપરું છે. અને તે મારે બજાવવાનુ હતું. નિવેદનમાં એ બરાબર જાળવવા પ્રયત્ન થઈ શક્યો હતો. પરંતુ પોલીસ પ્રો. સાહેબે એ નિવેદન કોર્ટ માટે - પોતા માટે બહુ કામનું નથી એ અભિપ્રાય આપ્યો. હું સજ્જડ થઈ ગયો. પણ વિચારને અંતે મને લાગ્યું કે તેઓ તેમની દૃષ્ટિએ ખરા હતા. સત્યનાં બન્ને અંગો જાળવવાં - વળી ખૂનીઓ પણ મારાજ છે. એ દૃષ્ટિ રાખવા છતાં ન્યાયનેય કડકપણે જોવો અને વળી પાછું આ બધાને આજની કોર્ટોની વ્યવહારુ ભાષામાં એ ચોકઠામાં ઉતારવું અને માત્ર એકાંગીહિત જોનાર વકીલ કે વકીલોના ક્રોસમાંથી પાર ઉતારવું એ અત્યંત કઠિન વસ્તુ છે. પણ મારે એ કઠિનતાને પાર પાડવાની ફરજ હતી. હું એ ફરજમાં સફળ થયો કે નિષ્ફળ એ બધું ત્યાંના પ્રત્યાઘાતો અને મારા મનની સ્થિતિ તપાસ્યા પછી મને જણાયું "સત્યની સાથોસાથ અસત્યમાં ખોટી દલીલોથી ન ફાવી જાય તે જોવાની જે મારી કાળજી હતી તેના કરતાં મારા જેવાએ તો પોતાના સત્ય તરફ જ ધ્યાન મુખ્યપણે રાખવું જોઈએ. બીજાનું અસત્ય ન ફાવે તે જોવાનું કામ ઈશ્વર પર છોડવું જોઈએ."

કેટલાક તે દિવસની જુબાની અંગે વધુ ખુલાસાઓ :

(૧) આશરે પોણાપાંચે ત્રણ શંકાસ્પદ - જેમાંના બે કેદી તરીકે છે તે, અને એક ત્રીજો જેને હું જોયે ઓળખું છું તે માણસોને પોલીસ મારી પાસે ખૂનના ભોગ બનનાર પાસે તે સ્થળે લાવી તે પોલીસ એટલે હું ન ભૂલતો હો તો ધંધૂકા વિભાગના જાડેજા ફોજદાર હતા. કોઠના ફોજદાર વ્યાસ પાછળથી મોડા આવેલા. હું ન ભૂલતો હોઉં તો તેઓ કોઠ નહોતા પણ શિયાળ ગયેલા ત્યાંથી આવ્યા હતા.

(૨) મને તે રાત્રે જ વિચારો આવેલા કે ખૂનીઓ માની જાય તો સારું. મારે એમને મળવું જોઈએ વહેમ તો આ બન્ને પર હોવા છતાં સવારના અગિયારના પ્રસંગને લીધે હતો. જો ખૂનીઓ નક્કી ન થાય તો (૧) આખા ગામ ઉપર કલંક આવે (૨) તહોમતદાર અને બીનતહોમતદાર એમ સૌ હેરાન થાય (૩) કાળુ પટેલના સગાઓનો વૈરવિરોધ વધે અને ગુનાઓ બેવડાતા જાય. મને લાગે છે

કેટલાક કાર્યકરોએ ધોળીવાળાઓને તથા બીજાઓને જે સાચી કુનેહથી સંભાળી લીધા તે ન સંભાળી લીધા હોત તો ઉપર કહ્યું તેમ જોખમ હતું પણ ખરું એમ મને સ્પષ્ટ જણાયું હતું.

(૩) જોગનુજોગ શ્રી મહારાજ મેઈલમાં આવ્યા અમે બન્ને મળ્યા. મારા મનપર ખૂબ દુઃખદ અસર હતી. હું ધર્મદષ્ટિએ આના ચોમેરના વિચારો કરતો હતો.

(૪) જમીને ઉપડ્યા બાદ પોલીસ આવી. પોલીસે પોતાની તજવીજની વાત પણ કરી. પોલીસ અમારી નૈતિક મદદ ઈચ્છે તે સ્વાભાવિક હતું. રાણાભાઈ સત્ય જ કહે એ બાબતમાં રાત્રે જ પોલીસે મારી મદદ માટે કહેવડાવ્યું હતું જ. રાતથી જ મને આમાં નૈતિકમદદ કરવાનો વિચાર આવેલોય ખરો. જે ઉપર કહેવાયું છે એટલે અમારા પ્રયત્નની-પોલીસને ઈચ્છા જાહેર કરી અને બન્નેની ઈચ્છાનો મેળ મળી ગયો.

(૫) અમો ઉપાશ્રયે ગયા પંચને બોલાવ્યું. થોડીવારે કહેવડાવવાથી ઉતારામાં ગયા. પોલીસને દૂર રાખી કોટડી બંધ કરી અમારી આગળ કબૂલાત થઈ. આમાં મારે મને પોલીસોનો ભય ગુનેગારો પર છે તે કલ્પના જ મુખ્ય નહોતી. એમ છતાં પોલીસને દૂર રખાઈ હતી. પોલીસ સમજુ હતી. એટલે સહેજે દૂર રહે તેમ સ્વાભાવિક હતું. મારું ધ્યાન તો અમારા આગળ કોઈ લાલચ ન રાખે તે ચોખવટ કરવામાં મુખ્ય રોકાયું હતું. કબૂલાત થઈ. હિંસક સાધનો પણ પાછળથી ખૂનીઓએ બતાવ્યાની મને જાણ થઈ. પણ એ મારે મારી જુબાનીમાં કહેવાની જરૂર ન હતી. કારણ કે હું અરણેજ ભણી નીકળ્યો ત્યાં થઈ. પોલીસને, ખૂનીઓ માન્યા છે તેટલું કહી ચાલતો થયો. પોલીસ આગળ આવતા કહેવામાં મારી સાથે શ્રી રવિશંકર મહારાજ તો હતા જ. ખૂનીઓનો એકરાર શરતી નહોતો. ખાનગી પણ નહોતો. જો શરતી કે ખાનગી હોત તો એમની સામે કોર્ટમાં સાક્ષી પૂરવાનો મારો ધર્મ ન બની શકત. કદાચ એમ કહ્યું હોત તો મારે એમની આ બાબતમાં હાર્દિક સંમતિ મેળવવી પડત. (જેમ મેં જુબાની વખતમાં એક ભાઈ ચશ્માવાળા વકીલ-ના ક્રોસમાં પોલીસે શું કહ્યું હતું તે વિષે સિદ્ધાંત સ્પષ્ટતા કરી તેમ).

(૬) ખૂનીઓએ હિંસા કરી - ખૂન કર્યું અને એ ગુનાના સ્વીકાર પછી ફરી ગયા. તે વાત બીજાઓને સામાન્ય લાગે છે. મને એ સામાજિક દૃષ્ટિએ ઘણી મહત્ત્વની લાગે છે. માણસ હિંસા કરે તે સમજી શકાય, પણ જૂઠું બોલે અને તે પણ જાહેરમાં બોલેલા સત્યની સામે જૂઠું બોલે, તે અત્યંત અનિચ્છનીય વસ્તુ મને લાગે છે.

આવા જૂઠાણામાં જેઓ મદદગાર થાય છે તેઓ સૌનું અને પોતાનું ભારે અહિત કરે છે. તેમ પણ મને પ્રબળપણે લાગે છે.

(૭) છેલ્લે એક ખુલાસો પબ્લિક પ્રૉસીક્યૂટરે મને પૂછ્યું : "એક શખ્સનું નામ લઈને ..... તમે ઓળખો છો ? અથવા એ નામ તમોએ સાંભળ્યું છે ?" હું ન ભૂલતો હોઉં તો તેમણે જે નામ લીધું તે નામ પ્રીતમરાય હતું ના ? જો કુસુમરાય હોય તો તે નામવાળા લિંબડીના ડે. કલેક્ટર છે. તેઓ મને વિઠ્ઠલગઢમાં ગયા દુષ્કાળ વખતે હું ન ભૂલતો હોઉં તો મળેલા અને ગઈકાલે તેમનો પત્ર રળોલ તથા ધીરજગઢ વગેરે બાબતમાં મળ્યો છે. આ માટે અહીં એટલા સારુ લખવું પડ્યું કે રખે મારી ગફલત (અજાણતા) થઈ હોય.

**'સંતબાલ'**

## ૧૨. શ્રી અર્જુનલાલાને પત્ર

કોઠ

તા. ૧૩-૯-૧૯૫૦

ભાઈશ્રી અર્જુનલાલા,

શ્રી કુરેશીભાઈએ કહેલું કે હું સૌરાષ્ટ્રમાં ગયેલો તે પહેલાં મેં કાળુપટેલ ખૂનકેસ અંગે ઘટતું કરવા મેં શ્રી અર્જુનભાઈને કહેલું. હજુ સુધી એ સંબંધમાં તમારો કશો ઉત્તર ન મળવાથી મેં શ્રી કુરેશીને ફરી યાદ અપાવેલ છે. એ સંબંધે અત્યારે તો મારા ખ્યાલમાં ત્રણ વિકલ્પો આવે છે :

(૧) કોર્ટ મારી જુબાની જતી કરે.

(૨) કાં તો કારતક વદ અમાસ - અમાસની આસપાસ આવતી મુદત નક્કી કરે અને કાં તો,

(૩) અહીં જુબાની લેવાની સગવડ કરે.

મને લાગે છે કે ત્રીજો વિકલ્પ સૌથી વધુ ઠીક પડે. પહેલો વિકલ્પ કોર્ટ લે તોપણ મને પોતાને એ અજુગતું લાગે. બીજો વિકલ્પ લેવામાં કોર્ટ આનાકાની કરે. એ બનવા જોગ છે. બાકી મને તો એ પણ ગમે. એમ છતાં અહીં જુબાની લેવડાવવા કમિશન દ્વારા સગવડ થાય એ સૌથી વધુ પસંદ થાય એવી વસ્તુ છે. શ્રી રવિશંકર મહારાજને તો જ્યાં કોર્ટ હશે ત્યાં જશે. એમાં વાંધો નથી.

બીજું, મેં સાંભળ્યું છે અને હવે તો વધારે ચોકસાઈથી સાંભળ્યું છે કે કાળુપટેલ ખૂનકેસના આરોપીને પક્ષે શ્રી હિંમતલાલ શુક્લ ઊભા રહ્યા છે. હું ન ભૂલતો હોઉં તો લગભગ બારસો રૂપિયાની ફી પણ ઠરાવી છે. એ જ રીતે હિંમતલાલ શુક્લ બીજા એક શિયાળના ખોજા જુવાનના ખૂની તરફે પણ ઊભા છે.

આ બંને ખૂનના આરોપીઓ વિશે મને તલભાર શંકા નથી. આવા નિશ્ચિત આરોપીઓના જૂઠાણાઓને ઉત્તેજન (સીધી કે આડકતરી રીતે) આપનાર કોઈ પણ

માણસને સમાજમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન મળે એનો અર્થ શો થાય ?

ખૂનીઓના દાર્શનિક પુરાવાઓ પ્રાયઃ મોળા હોય છે. અથવા ભયને લીધે મોળા થઈ જાય છે. તે તમો તો કાળુ પટેલ ખૂનકેસમાં બરાબર જાણો છો. આવા ભયંકર બનાવને, નક્કર હકીકતને માત્ર દલીલોના કે કાયદાના શબ્દ ખોખાને લીધે ઉડાવવાનો વિચાર સરખો કરવો એ વ્યક્તિ અને સમાજ માટે કેટલું બધું નુકસાનકારક છે ?

પરિણામ તો જે આવે તે ખરું. ખૂનીઓને કોર્ટ પૂરેપૂરી તહોમતદાર ઠરાવે તો શારીરિક સજા સિવાય કોર્ટ બીજું શું કરવાની છે ? એ થાય તોય અમારા જેવાને તો રોવાનું જ છે. કારણ કે શારીરિક સજાથી ગુનેગાર સુધરતો નથી. અને હિંસા થાય છે. જો શંકાનો લાભ આપી છોડી મૂકે તો સમાજમાં એ પ્રત્યાઘાત પડવાનો છે કે આવા મોટા માણસનું ધોળે દહાડે ખૂન કરનાર પણ છૂટી જઈ શકે છે. આમાં પ્રથમ કરતાં બીજામાં વધુ ભયંકર હિંસા છે કારણ કે તેમાં ખૂની સ્થૂળ રીતે સજા નથી ભોગવતો, પણ અભિમાની અને સમાજઘાતક દિશામાં આગળ ધપવાનું એને કારણ મળે છે. તેથી મહાન હિંસા બને છે. સમાજના ઘણાં અનિષ્ટો એથી પાંગરે છે એટલે ખરી વાત તો એ છે કે આ ખૂન કરાવવામાં પ્રત્યક્ષ પરોક્ષ જે જે હાથો ભળ્યા છે તે તે હાથોને શોધી કાઢવા જોઈએ. એ કોર્ટ ન કરી શકે તો સજાનો વિકલ્પ જ તેને સારુ રહે છે. અને એથી એ દૃષ્ટિએ હું એ વિકલ્પને ક્ષમ્ય માનું છું. તમો આ આખા બનાવને હું કઈ રીતે જોઉં છું તે જાણો છો.

કાળુપટેલ જેવા ગામડિયા ખેડૂતને અન્યાય સામે ઝઝૂમવાની અને કૉંગ્રેસના સિદ્ધાંતોના આચારની વાત પણ તમારાથી છેક અજાણ નથી. હરિજન તેમને ઘેર બેસીને મોભાસર જમી શકતા હતા. મરતી વેળાએ પણ ખૂનીઓને બાદ કરીએ તો હરિજન રાણાભાઈ સિવાય એટલું નજીક બીજું કોણ હતું ? આવા કરપીણ ખૂનીઓની બ્રીફ એક કૉંગ્રેસી વકીલ કેમ લઈ શકે તે વાત હું સમજી શકતો નથી. અલબત્ત, તે નહીં લે તો બીજો વકીલ લેશે ખરો. પરંતુ કમમાં કમ કૉંગ્રેસી તરીકે જો કંઈક બીજા કરતા વિશિષ્ટ તત્ત્વની આશા રાખી શકાતી હોય તો જ આ સવાલ છે.

હું જાણું છું કે શાન્તા ખૂનકેસમાં વડોદરાના પ્રાણલાલ મુનશીએ દુઃખદ ભાગ ભજવ્યો, છતાં પ્રાંતિક સમિતિ કે સ્થાનિક કૉંગ્રેસી આગેવાનો કંઈ ખાસ કરી શક્યા નથી. પણ આજે ન સમજાય તોય વહેલા મોડું એ સમજયા વિના છૂટકો જ નથી. કૉંગ્રેસ જો દેશના હિતને માટે ખડી છે તો તેને પોતાની સામાન્ય સભાસદના જ નૈતિક ધોરણની કાળજી રાખવી જ પડશે. આ ભાઈ આવા કેસોમાં આરોપી પક્ષે ઊભા રહેશે અને બીજી બાજુ આ સંસ્કૃતિ પ્રવાહ દેશની ધારાસભામાં જઈને ઊભો રહેશે એ શોભશે ?

**'સંતબાલ'**

## ૧૩. શ્રી નટુભાઈ વકીલને પત્ર

કોઠ

તા. ૧૯-૯-૧૯૫૦

ભાઈશ્રી નટુભાઈ (ધોળકાના વકીલ),

તમારો પત્ર મળ્યો. એમાંની હું તમારી મનોવેદના સમજી શકું છું, પણ જો તમે બિલકુલ સ્વચ્છ થઈને વિચારશો તો તેમાંનું તથ્ય સહેજે તારવી શકશો. સત્યને ગૂંચવવું જૂઠાણાં કરાવવા મતલબ કે કોઈપણ રીતે અસીલોને પૈસા માટે ઝૂડી નાખવા આ સિવાય વકીલો બીજી કઈ સેવા કરે છે તે મને કહેશો ? મોટાભાગના વકીલોની હું વાત કરું છું. મહાત્માજી, મહાદેવભાઈ અને બીજા કે જેમણે વકીલાતનો ઉપયોગ દેશ હિતાર્થે ત્યાગમય જીવનનો ભેખ લઈને કર્યો છે, એની વાત નિરાળી છે. અલબત્ત, કોઈપણ શક્તિ નકામી નથી તેમ તર્કશક્તિ પણ નકામી નથી. પરંતુ આજે એ તર્કશક્તિનો દુરુપયોગ જોતાં મારા હૃદયમાં કેટલી વ્યથા થાય છે તે તમો કલ્પી શકશો. આમ છતાં હું નિરાશ નથી થતો પણ વકીલબંધુઓના હૃદયોમાં છૂપેલા પ્રભુને જગાડવા ઇચ્છુ છું.

અંગ્રેજો ગયા પણ કેટલીક ઘરેડો હજુ ચાલે છે તેમાંની આ એક ભયંકર ઘરેડ વકીલી બુદ્ધિની દુરુપયોગની છે. ગુનેગારનો વકીલ, ચોર અને ડાકૂનો વકીલ, અથવા સમાજને ભયંકર રીતે હેરાન કરી રહેલાઓને પંપાળતો વકીલ શું નહીં જાગે ? અને એવા બંધુઓ પણ સમાજનું એક અંગ જોઈ-માની એમને અમારા જેવાએ જે સત્ય સૂઝે તે ન સુણાવવું ? તમો એવી વાતને પૂર્વગ્રહમાં લેખાવો કે પક્ષપાતમાં લેખાવો, અથવા તમોને દુ:ખ લાગે કે ન લાગે, પણ ક્ષમા માગીને પણ આમ કહેવાનો જો તમે અધિકાર સ્વીકારતા હો તો આપને મારી ફરીને વિનંતી છે કે આપ આપના ભાગીદાર તથા બીજા વકીલબંધુઓ હવે જાગો. અને બીજા તાલુકા તથા પ્રદેશના વકીલભાઈઓને આવો દાખલો બેસાડો કે અમો પેટ નહીં ભરાય તો ફોડી નાખીશું, પરંતુ ગુનેગાર અસીલોના ગુનાઓને છુપાવીશું નહીં, જૂઠનો માર્ગ બતાવીશું નહીં, ખોટી રીતે અમારા સ્વાર્થ ખાતર દેશને કે પ્રજાને બેવફા નીવડીશું નહીં. કારણ મારી પાસે આવ્યો હતો. જો તે સાચું બોલે છે એમ હું માનું તો અઢાર ખૂન બાદ સામે ફરિયાદ કરાવવામાં એમના વકીલે જ એ સલાહ આપી હતી. એ ગુનેગારને નસાડી ગુનેગારને નસાડવામાં એ કહે છે કે અમારું રખે પ્રતિખૂન થાય કે અમોને માર પડે એવી બીક હતી એટલે કોઠમાં હાજર થવા સારુ અમો બે ભાઈ નાસી છૂટ્યા. આ કથનની પાછળનું ખરું સત્ય તો પ્રભુ જાણે, હાજર થવા ગયો

ત્યારે ધોળકા કોર્ટમાંથી એવી સલાહ મળી કે હમણાં હાજર ન થશો. ખેતીનું કામ પતાવી મુદતે હાજર થજો. જામીન પર છૂટા થઈ શકશો. આમાં પણ પરમ સત્ય શું તે શું કહી શકાય. પરંતુ આ બધી ઘટનાઓ આપને વિચારવા જેવી નથી લાગતી ? ડૉક્ટર સાહેબ અને તમો બંને અવકાશે રૂબરૂ મળી જાઓ તો હું રાજી થઈશ. તા. ૨૩-૯-૫૦ કે તા. ૨૪-૯-૫૦ મને અનૂકૂળ જ છે. તમો મારા હાર્દ તરફ જોજો એટલું માંગી લઉં.

**'સંતબાલ'**

## ૧૪. શ્રી નંદલાલભાઈ વકીલને પત્ર

કોઠ

તા. ૨૬-૯-૧૯૫૦

પ્રિય નંદલાલભાઈ, (સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીના વકીલ)

તમારો પત્ર મળ્યો. એમાં તમોએ જાતે જ વકીલ સંસ્થાઓના પૂર્વકાળના સભ્ય હોય પક્ષપાત થઈ જવાનો સંભવ માનેલો છે અને તેવું બનવાનો સંભવ છે પણ ખરો. પરંતુ તમોએ લખાણમાં જે નમ્રતા અને તટસ્થતા તરફ વલણ લીધું છે તેથી મારા મન ઉપર એકંદરે તમારા વિશે સારી છાપ ઊઠે છે. થોડીક તમારા પત્રના મુદ્દાઓ વિશે ચોખવટ જરૂરી થશે.

વકીલોની સંસ્થા એ ન્યાયના કામમાં અગત્યનું અંગ છે એ પેરેગ્રાફ અને હાલ જે ઉદાત્ત હેતુ ભૂલી છે એ વાત મને મંજૂર છે. પરંતુ બીજા ક્ષેત્રમાં જ્યારે સુધારો થશે ત્યારે આ ક્ષેત્રમાં પણ સુધારો થશે તેમ માનીએ. એ મને મંજૂર નથી. જો સમાજ સુધરેલો હોય તો વકીલોની સંસ્થા તરીકે જરૂર પણ ન રહે. અને થોડી વ્યક્તિઓની જરૂર રહે તે વ્યક્તિઓ વકીલાતના ધંધાને આર્થિક ઉત્પન્નનો નહીં પણ સેવાનો ધંધોજ બનાવી દે. તે સ્વાભાવિક છે એટલે "પ્રજા સુધરે ત્યારે વકીલો સુધરે" તે દલીલ મને પ્રબળ નથી લાગી. હું તો પ્રજાને સુધારવામાં મોટામાં મોટી જવાબાદરી આવી સંસ્થાની માનું કારણ કે આજે સરકાર કરતાં પણ ન્યાયની અદાલતનો દરજ્જો ઉચ્ચ માનવામાં આવ્યો છે. આ લોકો પૈસાના હેરુ મટી જાય છે અને ન્યાયના આત્માને બહાર લાવવાના કામમાં જ મુખ્યપણે લાગી જાય તો ઘણી મહત્ત્વની સેવા કરી શકે. એવી તેમની પાસે તક છે. અને મોભો પણ છે. પરંતુ માત્ર કમાવવાનો અને પુષ્કળ કમાવવાનો જ ધંધો "વકીલાતને" માનીને આજે માત્ર કાયદાઓનાં સ્થૂળ ખોખાને વળગનારા લોકોનું ધ્યેયવિહીન માણસોનું જે ટોળું તેમાં પેસતું જાય છે તે જોતાં તેઓ પોતાની સંસ્થાનું નામ બગાડશે. અને ન્યાયની અદાલતો પણ લોકનિંદાને પાત્ર વધુ ને વધુ બનાવશે. પરિણામે પ્રજા અને

સરકાર વચ્ચે પણ સુમેળ નહીં ઊભો થવા દેવામાં અમુક અંશે નિમિત્ત બનશે એવી મને પૂરેપૂરી ભીતિ છે.

હિંમતલાલ શુક્લ વિશે તમારો જે સુખદ અનુભવ તમોએ ટાંક્યો છે તે સાચો નિવડ્યો.

શ્રી હિંમતભાઈ કાળુ પટેલને ન ઓળખતા હોય તે હું માની લઉં છું, પણ જે કિસ્સો છાપાઓમાં આવી ગયો છે અને શ્રી મહારાજ અને મારી સમક્ષ અને પંચ રૂબરૂ ખૂનની કબૂલાત થઈ છે, વિશ્વવાત્સલ્યમાં આ તુરત આવી ગયું છે. ખૂનના બનાવ સમયે તેઓ (હિંમતભાઈ) કદાચ સૌરાષ્ટ્રના ન્યાયમૂર્તિ પદે હશે (જોકે આ વિશે ચોક્કસ નથી કહી શકતો) વળી મને માહિતી મળી છે તે પ્રમાણે રસિકભાઈના સારા સંપર્કમાં છે. એમણે આ કેસની બ્રીફ લીધી હશે એ પહેલા આ બધું કે એમાનું થોડું પણ ન જાણ્યું હોય તે માનવા મારું મન સાફ ના પાડે છે. અસીલો કે અસીલોના છૂપા કે જાહેર પક્ષકારો પોતે જૂઠી દિશામાં હોય ત્યારે પોતાના વકીલ આગળ દિલ ઉઘાડું કરે તે બનવા જોગ નથી તેમ હું માનું છું. માનો કે આમાંની પ્રથમ હિંમતલાલભાઈને કશી જ જાણ ન હોય તોય હવે તો જાણ થઈ ચૂકી હશે. શું પ્રથમમાં ભૂલ થઈ માટે પછી ન સુધારવી ? આજે આમાં વ્યક્તિગત દુઃખનો સવાલ નથી, પણ એક ધારાસભ્ય તરીકે તાજેતરમાં ચૂંટાયેલો ધારાશાસ્ત્રી કૉંગ્રેસ જેવી ન્યાયનિષ્ઠ લોકપ્રતિષ્ઠિત સંસ્થામાં દાખલ થયા બાદ પણ તેમના જીવનમાં પૈસા ખાતર સર્વ કંઈ કરી શકાય તેવું જ તત્ત્વ રહે તો તે સંસ્થા માટે પ્રજામાં કેવો પ્રત્યાઘાત ઊઠશે ? આખરે તો સંસ્થા પણ વ્યક્તિઓની નૈતિક્તા અને ચારિત્ર્યપૂત પવિત્રતા ઉપર જ ટકવાની ને ? તે અર્જુનલાલાનું ધ્યાન ખેંચેલું તેમને પત્રમાં એ મતલબનું જણાવ્યું છે કે નીતિની દૃષ્ટિએ આપની વાત બરાબર છે. પણ કૉંગ્રેસમાં એવો કોઈ નિયમ નથી." આટલે લગી તો હું સમજી શકું પરંતુ તેમણે એ મતલબનું પણ લખ્યું છે "બીજા આવું કરનાર કૉંગ્રેસના પ્રતિષ્ઠા પામ્યા છે જ અને પામી રહ્યા છે" આ વાત તેમણે આજની સ્થિતિ બતાવવા નિખાલસ ભાવે લખી છે. એમ માનું. પણ એ કેવું ભયંકર ચિત્ર છે ? તમો લખો છો કે આરોપી પોતાની રીતે હકીકત કહેતો હોય છે. પણ આમાં બીજા બધા સવાલોને બાજુમાં મૂકીને તટસ્થ દૃષ્ટિએ જ વિચારો કે સાહેદીમાં મહારાજ અને હું છીએ. તે પરથી પણ ન કળી શકાય ? જો કે મારી નિકટના એક ભાઈએ તો કહ્યું કે આ ઘણું સારું થયું છે. પ્રજા આવા વકીલોને યથાર્થ સ્વરૂપે આવા કિસ્સાઓમાં જ પીછાની શકે. એટલે હિંમતભાઈનું

અંતઃકરણ આવા પ્રત્યેક કિસ્સાઓને ટાળવાનું ન કબૂલે ત્યાં લગી અમારા તરફ વ્યક્તિગત રીતે જોઈને ટાળે તે નૈતિક દૃષ્ટિએ, સર્વાંગી રીતે, જોતાં અમો ન જ ઈચ્છીએ એ યોગ્ય કહેવાય. ન્યાયની પદ્ધતિને અને રીતને લીધે ગુનેગારો છૂટી જાય છે. તે સમજી શકાય છે. જો કે તે રીત અને પદ્ધતિ ખામી ભરેલ છે તે બદલવી જોઈએ. પરંતુ અત્યારે તો મારો મુદ્દો એ છે કે વકીલ અને ન્યાયાધીશ માત્ર સત્ય તારવવાની સાફ દૃષ્ટિ રાખવા છતાં કાનૂની બાબતને લીધે ભૂલે અથવા ગુનેગાર કાનૂની દૃષ્ટિએ છૂટી જાય તે સમજી શકાય. પણ વકીલો માત્ર અસીલોને ગુનાના મૂળથી નહીં પણ ગુનાઓ કરીને છૂટી જવાની ખાતર જ વકીલોના ટેકા લે અને વકીલો હોંશથી એ ટેકો માત્ર પૈસા ખાતર આપે આમાં ન્યાયનું અને પ્રજા સંસ્કૃતિનું ખૂન થવાની ભીતિ નથી ?

આપ કહો છો કે, બિન ગુનેગારને ઉપલી ખામીવાળી પદ્ધતિમાં અને રીતિમાં વિશેષ સહીસલામતી છે જ નહીં ? આ ઉપલક દૃષ્ટિએ ભલે દેખાય વાસ્તવિક્તાએ જૂઠું જ બને છે. દાખલા તરીકે નિર્દોષ કે અલ્પદોષિત જ મોટેભાગે ફરિયાદી હોય અને ગુનેગારોનું નુકસાન તેને જ પ્રથમ વેઠવું પડ્યું હોય એ દેખીતું છે. આટલા નુકસાન પછી દલીલોના ખાં વકીલ રોકવામાં જે ખર્ચ થાય તેવું ખર્ચ એ ન કરી શકે. પરિણામે ગુનેગારના વકીલબળને લીધે (ગુનેગાર) છૂટી જાય. અને ફરીને સમાજમાં પ્રતિષ્ઠિત માણસની જેમ ફરે અને પેલા બિનગુનેગારને વ્યક્તિગત અને સામાજિક એમ બંને રીતે પજવે. આવા દાખલાઓ સમાજમાં હું નિત્ય અનુભવું છું. અને સળગી ઊઠું છું. અને એથી જ તા. ૧૬-૯-૫૦ના અગ્રલેખમાં મેં 'ન્યાયનું નાટક' નામનો લેખ લખ્યો છે. તે તમોએ વિ.વા.માં કદાચ જોયો હશે નહિ તો જોઈ શકશો. અને મારી મનોદશાનો ખ્યાલ કંઈક અંશે આવી શકશે.

છેલ્લે છેલ્લે તમોએ માત્ર "લોકોનું" નૈતિક ધોરણ ઊંચું આવશે અને દરેક મનુષ્ય, સ્ત્રી અને પુરુષ પોતે જાણતો હશે તે સાચી હકીકત પોલીસ પાસે અને કોર્ટ પાસે કોઈની પણ બીક કે શેહ રાખ્યા વિના કહેશે ત્યારે જ શુદ્ધ અને સાચો ન્યાય હશે," એમ કહીને લોકો પર ભાર મૂક્યો છે. તે પરથી હાલની વકીલ સંસ્થા પ્રત્યે તો મારે નિરાશા જ રાખવી ને ? અને જો એમજ હોય તો મારા જેવાએ વકીલોને આજની દશામાંથી બહાર નીકળવા માટે પ્રભુ પ્રાર્થના અને સમાજ આગળ તેમને પ્રેમપૂર્વક ઉઘાડા કરવા એ માર્ગ લેવો ઘટે. એમ આપ સ્વીકારશો ?

**'સંતબાલ'**

---

## ન્યાયનું નાટક

## ૧૫. શ્રી નંદલાલભાઈ વકીલને પત્ર

કોઠ (તા. ધોળકા),
તા. ૭-૧૧-૧૯૫૦.

પ્રિય ભાઈ શ્રી નંદલાલભાઈ,

આપનો પ્રથમ પત્ર આવ્યો તેની તો મેં એકંદરે કદર કરી હતી. જે મારી વિ.વા.ના. ટપાલ નોંધ તા. ૧-૧૧-૫૦ના લેખ પરથી જોઈ શકશો. તાજેતરમાં શિયાળનો ખૂની એની દાર્શનિક સાક્ષીની મજબૂતાઈ હોવા છતાં એ જ શુકલજીના પ્રયત્નથી એ નિમિત્તે છૂટી ગયો. છૂટ્યા પછી ખૂની અને ખૂનીના ટેકેદારો પણ શો પ્રત્યાઘાત પડ્યો તે બધું તો નહીં પણ કેટલુંક વિ.વા.ના ૧.૧૧ના અગ્રલેખમાં જોશો. મને શાથી ઊંડું દુઃખ છે તે પણ એવા પ્રસંગો જોઈને આપ સહેજે સમજી શકશો.

મને માહિતી મળી છે તે સાચી માનવાનું કારણ પણ છે, કે એક નાના વકીલે આ જ કિસ્સામાં લાંચ આપવાનો પ્રયત્ન કરવાની વાત આવી છે. આ બધા પરથી હું એમ માનતાં અચકાઉં જ છું કે આવી વાત શુક્લ ન જ જાણતા હોય. જો માત્ર પૈસા ખાતર જ આ બધું થતું હોય તો મને લાગે છે કે તેવા વકીલોએ સામાજિક પ્રતિષ્ઠાનાં સ્થાનો છોડવાં જોઈએ. અને વ્યક્તિગત સવાલ જ નથી સામુદાયિક પ્રશ્ન છે. તમો તમારાથી બનતું કરશો. અને તમારી જ્યાં જ્યાં અસર પડે ત્યાં ત્યાં આ વાતનો પ્રચાર કરશો કે વકીલો ગુનેગાર અસીલના ગુનાને સમર્થન મળે તેવું પૈસા ખાતર કદી જ ન કરે. આટલું કરશો તો આને હું તમારી મહામૂલી સેવા ગણીશ જ.

**'સંતબાલ'**

## ૧૬. શ્રી હિંમતલાલ શુક્લને પત્ર

કોઠ (દિવાળી),
તા. ૯-૧૧-૧૯૫૦

શ્રી હિંમતલાલભાઈ, (વકીલ શ્રી હિંમતલાલ શુક્લ)

આપને પ્રત્યક્ષ જોયા હોય એવું મને યાદ નથી. સૌરાષ્ટ્રમાં તમો હતા અને સૌરાષ્ટ્ર સાથેના મારા સંબંધો જોતાં આપે નામ સાંભળ્યું હશે. મેં પણ નામ સાંભળ્યું છે અને મને એવું જાણવા મળ્યું કે કાળુ પટેલ ખૂનકેસના તહોમતદારોના વકીલ તરીકે આપ ઊભા રહ્યા છો એટલે મેં આ આખી બીનામાં એક કૉંગ્રેસી વકીલ અને ધારાસભ્ય તરીકેની પ્રતિષ્ઠા અને ભૂમિકાની દૃષ્ટિએ પરોક્ષ રીતે તમારું ધ્યાન ખેંચવા થોડો પ્રયત્ન કર્યો હતો. શિયાળ ખૂન કેસનો ખૂની જે રીતે નિર્દોષ જાહેર થયો એ

પ્રસંગ આધારભૂત માહિતીઓ દ્વારા જાણું છું. એની આગળ-પાછળની ભૂમિકા અને આઘાત-પ્રત્યાઘાતો જોતાં મેં દુઃખપૂર્વક આ બધું ખૂબ વિચાર્યું છે. અને મને લાગ્યું છે કે આપનું આ પત્ર દ્વારા ધ્યાન ખેચું.

જો માત્ર પૈસા ખાતર ગમે તે થઈ શકતું હોય એમ જે કોઈ માને તેમની આગળ મારા કથનનો કોઈ અર્થ નથી. પણ જેને પૈસા કરતાં સત્ય અને ન્યાયની વધુ કદર છે, તેમને સારુ આ કથન સ્પર્શશે જ એમ માની શ્રદ્ધાપૂર્વક લખી રહ્યો છું.

મારી વાતો ચાલુ પ્રણાલી મુજબ ભલે નવી લાગે પણ એ ન્યાયના મૂળભૂત આત્માને સ્પર્શે છે એની મને પૂરેપૂરી ખાત્રી છે. હું વકીલને પોતાના અસીલોના સત્યને બહાર લાવી સચોટ રજૂ કરનાર અને તે જ રીતે સામા પક્ષના અસીલોના સત્યને સ્વીકારનાર એવા અર્થમાં લઉં છું. એથી જ એક કૉંગ્રેસી તરીકે જાણી આપને હું એ અપીલ કરવા ખાસ પ્રેરાઉં છું. આપને જ્યાં પ્રમાણિક શંકા હોય ત્યાં આપને જાતે આવી એ હકીકતો તપાસવા આમંત્રણ આપું છું. અને આપની પ્રતીતિને સારુ જે હકીકતો મેળવવા આપ ઇચ્છો એને માટે ઘટતી ગોઠવણ કરાવવા મારી સિદ્ધાંતોની મર્યાદામાં પૂરતી મદદ આપને અને આપના બીજા સાથી વકીલબંધુઓને આપવા ઈચ્છું છું.

આ પ્રદેશને મેં પ્રયોગક્ષેત્ર માન્યું છે એટલે ત્યાંની નાની મોટી અનેક બાબતો અને આઘાત-પ્રત્યાઘાતોનો મને સંપર્ક સુલભ હોય તેથી આ લખી શકું છું.

શિયાળ ખોજા ખૂનકેસ, કાળુ પટેલ ખૂનકેસ, ઓતારિયા ખૂન, પઢાર મૃત્યુ. આ બાબતોમાં આપને સંબંધિત એટલે આપ જે કેસમાં વકીલ હો ત્યાં આપ ઝીણવટથી તપાસ કરવાની તકલીફ લેશો. એવી મતલબની નાતે અપીલ કરું છું.

આપને સંદિગ્ધ લાગે તે બિનાની આપ સત્યશોધક તરીકે જે કંઈ તપાસ કરશો અને તેમાં મારી એક જિજ્ઞાસુ તરીકે જે મદદ જોઈતી હશે તે મદદ આપવા હું તૈયાર રહીશ. આને લીધે મને મળવું આપને જરૂરી લાગે તો અગાઉથી સમય માંગશો તો હું આપવા તત્પર રહીશ. આ પ્રશ્નો સમાજઘડતર, ન્યાય, ન્યાયની પ્રણાલીઓ વકીલાતનો અસલ હેતુ, અહિંસા, સચ્ચાઈ એમ અનેક દૃષ્ટિએ આપણે સાથે બેસીને વિચારી શકીશું. સૌને સદ્‌બુદ્ધિ મળો ! ન્યાયપ્રિય સત્યાર્થી પ્રેમીજનોને શુભેચ્છા નવલ વર્ષની !

**'સંતબાલ'**

# પરિશિષ્ટ

## ન્યાયનું નાટક

૪૬-૪૭ વર્ષ પહેલાંનો પ્રસંગ છે. તે વખતે અમે ગૂંદી આશ્રમમાં જ રહેતા હતા. પણ સન ૧૯૪૯ નાં મુનિશ્રીનાં ચાતુર્માસ ગૂંદી ગામના સરકારી કસ્ટમ બંગલામાં થવાથી કામચલાઉ અમે ત્યાં રહેવા ગયા હતા. ૧૯૫૦ના ફેબ્રુઆરી, ચોક્કસ તારીખ તો યાદ નથી પણ ફેબ્રુ.ની ૧૫ મી તારીખ આસપાસ મૂળ ધોળી (કમાલપુર) ગામ કે જે ભાલ હડાળા પાસે આવેલું છે ત્યાંના વતની પણ વર્ષોથી ગૂંદી ગામમાં રહેતા હતા તે તળપદા કોળી પટેલ ચતુર સંઘા અને ભીખા જેમા અમારી પાસે બંગલે આવીને કહેવા લાગ્યા :

"તમે કહો તો માથે સગડીઓ મૂકીને મુંબઈ સરકારને કહેવા મુંબઈ આવીએ, પણ હવે આ કાળુ પટેલને કહીને અમારો પ્રશ્ન પતે એવું કાંક કરો. અમે બધું જ કરી છૂટ્યા છીએ. પણ કશું થયું નથી. હવે તો કાં મરીએ ને કાં મારીએ એ જ રસ્તો છે."

એમના કહેવામાં ક્રોધ, અને ભારે જોશ હતું. ધોળીમાં જમીનનો કંઈક પ્રશ્ન હતો. એમને સાંભળ્યા પછી અમારી પાસે તો એનો કંઈ ઉકેલ નથી, એમ અમને લાગ્યું એટલે છેવટે કહ્યું :

"એમ કરો, તા. ૧૯ મીએ આશ્રમમાં મિટિંગ છે એમાં કાળુ પટેલ આવશે. મુનિશ્રી તો આવવાના જ છે. તમે તે દિવસે આવજો. અને વાત કહેજો. કંઈક રસ્તો નીકળશે. આમાં મારવા મરવાની ક્યાં જરૂર છે !"

આમ કહ્યું. તે ગયા. ૧૯મી ફેબ્રુઆરી ૧૯૫૦ આવી અમે ગૂંદી ગામમાંથી ગૂંદી આશ્રમમાં ગયા. મિટિંગો ચાલી મુનિશ્રી અને કાળુ પટેલ પણ આવ્યા જ હતા. ત્રણેક વાગ્યા હશે જલસહાયક સમિતિનું કામ થયું. તે સમિતિના કાળુ પટેલ સભ્ય હતા. તે ઊઠ્યા કહે,

"બાપજી, (મુનિશ્રીને તે બાપજી કહેતા) હું જાઉં છું. ગાડીનો ટાઈમ થવા આવ્યો છે."

મુનિશ્રીએ કહ્યું તો ખરું કે,

"રોકાઈ જાઓને ?" પણ "ખળાં લેવાય છે કામનો પાર નથી જવું જ છે."

ચતુરભાઈ કે ભીખાભાઈ તો આશ્રમમાં આવ્યા નહોતા. પણ મુનિશ્રીને અગાઉ મળેલા અને તે દિવસે પણ સવારે ગૂંદી ગામના બંગલે મળેલા અને કાળુ પટેલ હેરાન કરે છે તે મતલબની વાત કરી હશે એટલે મુનિશ્રીએ પણ તે બંનેને

કહ્યું હતું કે આજે બપોરે મિટિંગ છે તેમાં કાળુ પટેલ આવશે. ત્યાં તમે આવજો અને તેમની રૂબરૂમાં વાત સમજ્યા પછી કંઈક રસ્તો કાઢવા પ્રયાસ કરીશું.

કાળુ પટેલ જવાના હતા અને આ બે જણ આવ્યા નહિ એટલે મુનિશ્રીએ કાળુ પટેલને આ બે જણનો શું પ્રશ્ન છે તે પૂછીને જાણી લીધું. પછી કાળુ પટેલ ગૂંદી ગામ નજીક આવેલા ભૂરખી સ્ટેશને જવા રવાના થયા અને અમારું મિટિંગોનું કામ ચાલુ રાખ્યું.

કાળુ પટેલને જવાને થોડી જ વાર થઈ અને બૂમ સંભળાઈ :

"ધોડજો, ધોડજો, કાળુ પટેલને મારે છે."

બૂમ સાંભળીને સહુ પ્રથમ નવલભાઈ શાહ ઊઠતાંકને સ્ટેશનને રસ્તે દોડ્યા. બૂમ ધોલેરાના હરિજન રાણાભાઈ કે જે કાળુ પટેલને ઓળખતા હતા અને એમની પાછળ પાછળ જ સ્ટેશને ટ્રેનમાં બેસવા ચાલતા જતા હતા તેમણે પાડી હતી. નવલભાઈએ બે ખેતર વટીને જોયું તો કાળુ પટેલ ખેતરના શેઢા પાસે વરખડીનાં બે નાનાં નાનાં જાળાં હતાં ત્યાં લોહીલોહાણ હાલતમાં પડ્યા હતા. અને થોડે દૂર બે જણ હાથમાં ધારિયાં સાથે દોડતા સ્ટેશન ભણી ભાગી રહ્યા હતા. નવલભાઈ તેમને પકડવા જોરથી દોડ્યા પણ એ બન્ને જણ રેલવે સ્ટેશનમાં પડેલી માલગાડી વટાવીને નજીક આવેલ ગામમાં ઘૂસી ગયા. ઉનાળાનો ખરો બપોર, તડકામાં નવલભાઈ રેબઝેબ થઈ ગયા. ભારે સાહસ અને હિંમત કરી પકડવા પ્રયાસ તો કર્યો, પણ પકડી શક્યા નહિ. પાછા ફર્યા. બે જણને ઓળખી શક્યા નહિ. નજીકના જ ખેતરોમાં ૧૫-૨૦ મજૂરો ઘઉં વાઢતા હતા. એમણે આ થતું ખૂન અને ભાગતા ખૂનીઓનું દૃશ્ય તો બરાબર જોયું જ હોય. ખૂનીઓ તદન નજીકમાંથી જ દોડતા જતા હતા એટલે ઓળખતા જ હોય. પણ કોઈ જ કશું જ કહેવા તૈયાર નહોતા.

નવલભાઈની પાછળ જ અમે સહુ લગભગ દોડતા ઉતાવળે ત્યાં પહોંચ્યા. મુનિશ્રી પણ આવ્યા. કાળુ પટેલના પડછંદ દેહે બેશુદ્ધિમાં અને લોહીથી લથબથ તરફડીયાં મારતા, હૈડિયાની ઘરઘરાટીનો અવાજ કાઢતા, મુનિશ્રીના ખોળામાં જ છેલ્લા શ્વાસ પૂરા કર્યા. મુનિશ્રીએ તો આવીને શાંતિ મંત્રના જાપ શરૂ કર્યા જ હતા. જલસહાયક સમિતિના પ્રમુખ શ્રી ગુલામરસુલ કુરૈશી, અને સભ્યો છોટુભાઈ મહેતા, કાશીબેન, ડૉ. શાંતિભાઈ, મણિબેન પટેલ, અર્જુનલાલા અને મિટિંગમાં આવેલા ખેડૂતો કાર્યકરોનો નાનો સમૂહ ત્યાં જ રોકાયો.

આ તરફ ધંધૂકા પોલીસ બીજી કોઈ તપાસ માટે ગૂંદી ગામમાં આવેલી તેને ચતુર સંઘા અને ભીખા જેમા એમ બે નામ શકદાર તરીકે અપાયાં તે પરથી એ

બંનેને એમના ઘરેથી સાંજકના ઘરના ચૂલા પાસે તાપતા હતા ત્યાંથી પકડીને ગામના ચોરામાં બેસાડી દીધા.

ગૂંદીગામ કોઠ પોલીસથાણા નીચે એટલે કોઠપોલીસને સાંજે ટ્રેનમાં માણસ મોકલી ખબર આપી. તે રાત્રે દશેક વાગે શટલમાં પોલીસ આવી. તેમના કબજામાં આ બે જણને શકદાર તરીકે ચોરામાં જ રાખ્યા.

રાત્રે ધોળીથી કાળુ પટેલનાં પત્ની પાર્વતીબહેન, પુત્ર કેશુભાઈ વગેરે આવ્યા. કેશુભાઈના કલ્પાંતનું તો કહેવું જ શું ? પણ બહાદુર પાર્વતીબેન કેશુભાઈને આશ્વાસન આપતાં કહ્યું :

"બાપુના પગ આગળ ખોળામાં દેહ છોડ્યો છે ને ? આથી વધુ સારું મોત બીજે ક્યાં આવવાનું હતું, બેટા ? હિમ્મત હાર્યે શું વળે ?"

બીજે દિવસે સવારની ટ્રેનમાં પ્રાયોગિક સંઘના પ્રમુખ શ્રી રવિશંકર મહારાજ મુનિશ્રીને મળવા આવ્યા. તેમની સાથે આ કિસ્સાની ચર્ચા થયા પછી બપોરના મુનિશ્રી, રવિશંકર મહારાજ અને અમે કાર્યકરો સહુ ગૂંદી ગામમાં ગયા. ગૂંદીમાં એક નાનું જૈન મંદિર - ઉપાશ્રયની નાની ઓરડી હતી તેમાં બેઠા. થોડા ગામ-આગેવાનો આવ્યા પછી ચોરામાં પોલીસના કબજામાં હતા તે બે જણને બોલાવવાનું વિચાર્યું. ચોરાના બહારના ઓટલા પર બે પોલીસ બેઠી હતી. ચોરાના ઓરડામાં ચતુર સંધા અને ભીખા જેમા હાથકડી વિના જ બેઠા હતા. અમે પોલીસને વાત કરીને તેમની સંમતિથી એ બે જણ સાથે પેલી ઉપાશ્રયની ઓરડીએ પહોંચ્યા. પોલીસ અમારી સાથે નહોતી. તે તો ચોરામાં જ બેઠી હતી.

મુનિશ્રીએ કહ્યું : "જુઓ, જે થવાનું હતું તે તો થઈ જ ગયું છે. હવે સાચું હોય અને જે બન્યું હોય તે કહી દ્યો."

ચતુરે કહ્યું : "અમારાથી કાળમાં ને કાળમાં થઈ ગયું છે. અમને માફ કરો."

મુનિશ્રીએ કહ્યું : "થોડા લોભને ખાતર કેવું ભયંકર કામ કર્યું ? તમારી કોમ માટે એમણે કેટલું બધું કામ કર્યું છે ? ખેર એક પાપ તો થયું હવે સાચું કોર્ટમાં પણ કહેજો. ખોટું બોલીને બીજું પાપ ના વહોરશો. ઈશ્વર જ ઉગારનાર છે. સાચા દિલથી પ્રાયશ્ચિત પણ કરી નાખો."

રવિશંકર મહારાજે પણ સમજાવતાં છેલ્લે કહ્યું : "દિલ ખોલ્યું જ છે તો હવે પૂરું ખોલી જ નાખો. હથિયાર કપડાં વગેરે ક્યાં સંતાડ્યાં છે તે બતાવો."

બન્ને જણ કહેવા લાગ્યા :

"અમારી ભૂલ તો થઈ જ છે હવે અમે સાચું કહીશું. પણ અમારાં બૈરાં છોકરાંની સંભાળ રાખજો."

લગભગ રડતા રડતા આમ બોલ્યા. પછી પંચ રૂબરૂ રવિશંકર મહારાજને હથિયાર કપડાં સંતાડ્યાં હતાં તે જાળામાંથી કાઢીને સોંપી દીધાં.

મુનિશ્રીએ આ પહેલાં પોતાને નવું બળ મળે, આત્મશક્તિ વધે તે હેતુથી ૧૫ દિવસના મૌન સાધના માટે બાજુના અરણેજ ગામના સરકારી પ્રવાસી બંગલા નામે ઓળખાતા મકાનમાં રહેવાનું નક્કી કર્યું જ હતું. તેથી હવે પછીની જે કંઈ કાર્યવાહી કરવાની આવે તે કરવાની જવાબદારી રવિશંકર મહારાજે સ્વીકારી અને મુનિશ્રી અરણેજ ગયા. અમે સહુ પોતપોતાને સ્થાને ગયા. બન્ને જણને પોલીસ કોઠ પોલીસથાણે લઈ ગઈ. બીજે દિવસે ધોળકા મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કર્યા.

બીજે દિવસે સમાચાર જાણવા મળ્યા કે, કોઈએ ગુજરાતભરમાં જાણીતા અમદાવાદના વકીલ હિંમતલાલ શુકલને રોકી લીધેલા જ છે અને તેમની સલાહ પ્રમાણે આ બન્ને જણે ધોળકા કોર્ટમાં પોતે આ બાબત કંઈ જ જાણતા નથી એમ કહ્યું છે.

મુનિશ્રીની ૧૫ દિવસની મૌન સાધનામાં આ પ્રકરણનું ચિંતન પણ ચાલે તે સ્વાભાવિક છે.

"પોતે જૈન સાધુ, પોતાની પાસે સાચી કબૂલાત કર્યા પછી કોર્ટમાં ખોટી વાત કરી. સત્ય, ન્યાય અને ધર્મની દષ્ટિએ પોતાની કોઈ જવાબદારી ફરજ કે કર્તવ્ય ખરું ?"

શ્રી રવિશંકર મહારાજ સાથે પણ વિચાર વિનિમય થયો. અને બન્નેની સહીથી કોર્ટને જણાવ્યું કે, અમારી પાસે આ પ્રમાણે કબૂલાત એ બન્ને જણે કરી છે.

કેસ તો સેશન કમિટ થઈને ધોળકાથી અમદાવાદની તે વખતે ભદ્રમાં આવેલી સિવિલ કોર્ટમાં ચાલવા પર ગયો. મુનિશ્રીને કોર્ટમાં જુબાની માટે બોલાવ્યા. પણ તે વખતે ચાતુર્માસ કોઠમાં હતા. અને ચાતુર્માસમાં જૈન સાધુ વિહાર ન કરે તેથી કોર્ટે નવી મુદત ૧૨ ડિસે. ૧૯૫૦ આપી. તે દિવસે મુનિશ્રી અને રવિશંકર મહારાજ તથા નવલભાઈ શાહ અને અમે જે કંઈ જાણતા હતા તે જુબાનીમાં કહ્યું.

ખૂનીના બચાવ પક્ષના વકીલ શ્રી હિંમતલાલ શુકલે ઊલટ તપાસમાં બીજું કંઈ પૂછ્યું જ નહિ. માત્ર આટલું જ કહ્યું :

'આ બન્ને તો સંતપુરુષો છે. તેમણે જે કંઈ કહ્યું તે બાબતમાં મારે તેમને કંઈ

જ પૂછવું નથી. મારે માત્ર એ જ જાણવું છે કે, આ બે જણે જયારે કબૂલાત કરી ત્યારે તે પોલીસ કસ્ટડીમાં હતા ?"

રવિશંકર મહારાજે કહ્યું તો ખરું કે, તે વખતે પોલીસ નહોતી, વળી ઉપાશ્રયમાં વાત થઇ હતી વગેરે.

પણ વિદ્વાન વકીલે તો માત્ર એટલું જ જાણવા માગ્યું કે, "પોલીસ મંજૂરી ન આપે તો એ તમારી પાસે આવી શકત ?"

વકીલના પ્રશ્નનો જવાબ 'ના' જ હતો. અને એનો અર્થ કાયદાની ભાષામાં તે પોલીસની કસ્ટડીમાં જ હતા.

વર્તમાન કાયદાની વાસ્તવિકતા એ છે કે, પોલીસ કસ્ટડીમાં કહેલી વાત કે કરેલી કબૂલાત પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહિ.

આમ સંતપુરુષો પાસે કરેલી સાચી કબૂલાત પુરાવામાંથી બાદ કરીને કોર્ટે ન્યાય કર્યો અને તરત ચુકાદો એ જ ક્ષણે આપી દીધો અને બન્ને શકદારોને તરત છોડી દીધા.

ન્યાયનું જાણે કે નાટક જ ભજવાઇ ગયું. મુનિશ્રીનો ઉતારો નજીકમાં હતો. અમે સહુ મુનિશ્રીની સાથે ત્યાં પહોંચ્યા સહુનાં મન ભારે વ્યથિત હતાં થોડી જ વારમાં ચતુર સંધા અને ભીખા જેમા ત્યાં આવ્યા અને મુનિશ્રીને પગે લાગી આશીર્વાદ માગ્યા.

મુનિશ્રી એક શબ્દ પણ ન બોલ્યા. આશીર્વાદ સત્યને હોય, જૂઠું બોલે તેને આશીર્વાદ સત્યાર્થી પુરુષ કેમ આપી શકે ?

પાછળથી જાણવા મળ્યું કે નિર્દોષ છૂટીને ગામમાં ગયા ત્યારે તેમનું સન્માન કરવાની કેટલાકે તૈયારી કરી હતી. પણ પછી તો તેનો ખેડૂત મંડળના આગેવાનો, જે ગૂંદી ગામમાં રહેતા તેમણે વિરોધ કરવાથી તે તો બંધ રહ્યું.

વર્ષ બે વર્ષ પછી સ્થાનિક ગૂંદી સોસાયટી કે જે ભાલ નળકાંઠા ખેડૂત મંડળના સંચાલન નીચે ચાલતી હતી. તેમાં આ બન્નેને સભ્ય તરીકે દાખલ કરવા ગામમાંથી કોઇકે માગણી કરી. પરંતુ તે વખતના ખેડૂત મંડળના પ્રમુખ શ્રી ફુલજીભાઈ ડાભીએ એમ કહીને વિરોધ કર્યો કે કાયદો જે કંઇ કહેતો હોય તે, સંસ્થાઓમાં શુદ્ધિનું તત્ત્વ સાચવવું હશે તો આવાં તત્ત્વો પોતાની ભૂલ કબૂલી તેનો પસ્તાવો અને પ્રાયશ્ચિત લઇ ફરી આવો અપરાધ નહિ કરવાની ખાત્રી આપે તો તેમને સભ્ય તરીકે લઇ શકાય. બાકી સંસ્થાઓનો વહીવટ બગડી જશે.

અને તેમના વિરોધને લઇને ગૂંદી મંડળીની વ્ય.ક. એ સભ્યપદમાં તેમને


દાખલ ન કર્યા.

મુનિશ્રીને આજની ન્યાય પદ્ધતિને મૂળમાંથી જ બદલવાનું જરૂરી લાગ્યું 'ન્યાયનું નાટક' એવા મથાળા નીચે મુનિશ્રીએ પોતાના અનુભવના આધારે કેટલાંક સૂચનો કરતો લેખ લખ્યાનું પણ સ્મરણ છે. તે વખતના ગુજરાત સમાચારના તંત્રી શ્રી કપિલરાય મહેતાએ આ ઘટનાને સારી પ્રસિદ્ધિ પણ આપી હતી.

આ ઘટના બની ૧૯૫૦માં તે વખતે, તપોમય પ્રાર્થનાનો સામુદાયિક અને લોકચેતના જગાડતા 'શુદ્ધિ પ્રયોગ'ની શોધ થઇ ન હતી. તે શોધ ૧૯૫૧માં થઇ. એટલે કોર્ટ ચૂકાદાથી જ અટકી જવાયું કોઇ પગલાં લઇ શકાયાં નહિ સિવાય કે ખેડૂત મંડળના જાગૃત આગેવાનોએ તેમનું સ્વાગત થતું અને સહકારી મંડળીનું સભ્યપદ અટકાવ્યું અને સંસ્થાગત કે સામાજિક પ્રતિષ્ઠા તેમને ન મળી.

આવી ઘટનાઓથી પ્રત્યક્ષ પરોક્ષ ઘડતર કાર્ય તો થતું જ રહ્યું.

('સંત સમાગમનાં સંભારણાં'માંથી) **અંબુભાઈ શાહ**



**મુનિશ્રી સંતબાલજી મહારાજ**

વિશ્વ વાત્સલ્ય

ૐ મૈયા